# કોશિશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી

+વાઇબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

નહીં ચીંટી જબ દાના લેકર ચલતી હૈ, ચઢતી દીવારોં પર સૌ બાર ફિસલતી હૈ,
આખિર ઉસકી મહેનત બેકાર નહીં હોતી,
કોશીશ કરનેવાલોં કી કભી હાર નહીં હોતી.

નાનકડી કીડી અનાજના દાણાને લઈને દીવાલ પર ચઢે છે ત્યારે અનેક વખત પડે છે. છતાં હાર માન્ય વગર ફરી વાર દાણો પકડીને દીવાલ પર ચઢે છે. પોતાના કદ કરતાં મોટા અનાજના દાણાને પકડીને લઈ જવામાં કીડી ઘણી મુશ્કેલીઓનો સામનો પણ કરતી હશે, છતાં પણ અનાજના દાણાને છોડતી નથી. તે અંતિમ લક્ષ્ય સુધી ઝઝૂમે છે. એક સાધારણ કીડી પણ મુશ્કેલીઓ સામે હાર ન માનતી હોય તો માણસને તો ભગવાને બુદ્ધિ અને બળ બંને આપ્યાં છે, તો શા માટે આપણે નિષ્ફળતા મળવાથી હતાશ થઈએ છીએ? જો નાનકડી કીડી ઝઝૂમવાનો જુસ્સો ધરાવતી હોય, તો આપણે શા માટે હિંમત હારી નિષ્ક્રિયતાની ચાદર ઓઢી સૂઈ જઈએ છીએ?

આલ્બર્ટ હ્યુબાર્ડ કહેતા કે – It is from failure that one gets the way and way to succeed. અર્થાત્ નિષ્ફળતામાંથી જ સફળ થવાની રીત અને રસ્તો મળે છે.

વિન્સ્ટન ચર્ચિલનું જીવન નિષ્ફળતાઓથી ભરપૂર હતું. તેઓને ગણિત વિષયમાં સૂઝ ન હોવાને કારણે સેસ્કોટ સ્કૂલના પ્રિન્સિપાલ અવારનવાર ટોક્યા કરે, ઘણી વાર મારે પણ ખરા. તેથી કંટાળીને તેઓ બ્રિટન ગયા. ત્યાં પણ તેમને સ્કૂલ છોડવી પડી. ત્યારબાદ હેરોમાં અભ્યાસ માટે ગયા ત્યાં તેઓ પ્રવેશ પરીક્ષામાં જ નાપાસ થયા. તેમને સેન્ડહર્સ્ટ મિલિટરી કૉલેજની પ્રવેશ પરીક્ષામાં પણ બે વાર નિષ્ફળતા મળી. આમ, વારંવાર નિષ્ફળ થવા છતાં તેમણે પ્રયત્ન ન ત્યજ્યો અને એક સમયે તેઓ બ્રિટનના ખ્યાતનામ વડાપ્રધાન બન્યા.

કહેવાય છે કે

કદમ અસ્થિર હોય તેને રસ્તો કદી જડતો નથી,

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી.

સને ૨૦૦૯ બંગભૂમિ કોલકાતામાં એક નૂતન સર્જન થઈ રહ્યું હતુ. પશ્ચિમ બંગાળની ધરતી પર ૯૦૦થી વધારે શિલ્પીઓના ટાંકણે કંડારાયેલું વિશાળકાય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ત્રણ વર્ષને અંતે શિખર સુધી ચણાઈ ગયેલું, પરંતુ અચાનક નિષ્ણાત ઈજનેરો સમક્ષ એક પડકાર દૃષ્ટિગોચર થયો. બંગાળની પોચી અને દલદલ જમીનને કારણે નિર્માણાધીન ભવ્ય મંદિરનો અમુક ભાગ જમીનમાં બેસી ગયો. તેથી ફાઉન્ડેશનમાં જરૂરી ફેરફાર કરવાની આવશ્યક્તા જણાઈ, પરંતુ સૌ કોઈ પૂર્ણતાને આરે આવી પહોંચેલા આ સ્ટ્રક્ચરનું શું કરવું તેની વિમાસણમાં હતા. આ અવઢવમાં પડકારને જ પડકારવાની આગવી શૈલી ધરાવતા પ્રમુખસ્વામી મહારાજે નિર્ણય આપ્યો કે, 'આખું મંદિર ઉતારી, ફાઉન્ડેશનમાં જરૂરી ફેરફારો કરી પાછું બાંધો.' આ ખૂબ જ કપરું કામ હતું. છતાં, ખૂબ સાવચેતીથી આખું મંદિર ઉતારવામાં આવ્યું. અને ફાઉન્ડેશનમા જરૂરી ફેરફારો કરી પુનઃ ડિસેમ્બર ૨૦૧૧માં મંદિર નિર્માણનું કાર્ય આરંભાયું. માત્ર ૨૬ મહિના બાદ જ્યારે આ મંદિર સમાજ માટે ખુલ્લું મુકાયું ત્યારે સૌ કોઈને આશ્ચર્ય હતું. વિશ્વભરમાં આવી અનેક આર્થિક, સામાજિક અને ભૌગોલિક અડચણો વચ્ચે ૧૨૦૦થી વધારે સંસ્કાર અને સંસ્કૃતિધામોનું નિર્માણ કરનાર, Guinness book of world records દ્વારા master builder ઉપાધિથી સન્માનિત પ્રમુખસ્વામી મહારાજને સૌ વંદી રહ્યા.

> 'જે મુશ્કેલીમાં કાર્ય કરે, તેને જ સાચું કાર્ય કર્યું કહેવાય.' એ જ પરિક્ષાનો સમય છે

પ્રમુખસ્વામી મહારાજ કાર્ય પ્રત્યેનો અભિગમ શીખવતા કહેતા કે, 'જે મુશ્કેલીમાં કાર્ય કરે, તેને જ કાર્ય કર્યું કહેવાય.' હા, સીધા સરળ રસ્તાઓ પર ચાલવુ એમાં શું વિશેષ, મજા તો ડુંગરાઓ ખૂંદવાની છે. સ્ટમ્પ અને ફિલ્ડર વગરના ક્રિકેટમાં શું મજા? મજા તો સ્ટમ્પને બચાવી ફિલ્ડરો વચ્ચેથી દડો કાઢી ચોગ્ગા-છગ્ગા મારવામાં છે. તો આવો, આપણે પણ મહાપુરુષોનાં જીવનમાંથી પ્રેરણા લઈ વિઘ્નોથી હાર્યા વિગર જીવનમાંથી નિષ્ફળતાને ખંખેરી સફળતાના માર્ગે ડગ માંડીએ.

# Now or Never

**Tomorrow will be too late, it's now or never...**

**Elvis Presley**

શું કોઈ કલ્પના કરી શકે કે ગુજરાતના અંતરિયાળ ગામડાનો છોકરો ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ દ્વારા પ્રકાશિત થયેલી છેલ્લાં ૧૦૦૦ વર્ષની સૌથી પ્રતિભાશાળી ૨૦ વ્યક્તિઓની યાદીમાં સ્થાન ધરાવતો હોય? શું કોઈ કલ્પના કરી શકે માત્ર ૭ ધોરણ ભણેલો એક ખેડૂતપુત્ર UNOના મહાસદનમાંથી વિશ્વને શાંતિ અને સંવાદિતાનો સંદેશ આપતો હોય? શું કોઈ કલ્પના કરી શકે કે ગામડાના નળિયાંવાળા ઘરમાં ઉછરેલા બાળકને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ 'માસ્ટર બિલ્ડર'ના બિરુદથી સન્માને? આવાં તો અનેક આશ્ચર્યોની હારમાળા રચાઈ છે, વિશ્વવંદનીય સંત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં. ૯૫ વર્ષના જીવનકાળ દરમિયાન સેંકડો વર્ષોનું કાર્ય કરનાર પ્રમુખસ્વામી મહારાજની અદ્વિતીય સિદ્ધિઓથી વિશ્વ અચંબિત છે, પરંતુ આ જ્વલંત સફળતા પાછળનાં અનેક કારણોમાંનું એક કારણ છે એમના જીવનકોષમાં 'ચાલે' અને 'કાલે' જેવા ઘાતક શબ્દોને સ્થાન જ ન હતું. તેઓ 'આજનું કામ આજે કરીએ' એ મંત્રને વરેલા હતા. સાડા સાત લાખથી વધુ પત્રોને વાંચીને તેનો પ્રત્યુત્તર આપનારા તેઓના જીવનમાં કેવી કાર્ય પ્રતિબદ્ધતા હશે! એક વખત પત્રોની એક થપ્પીના જવાબો પૂર્ણ થયા બાદ તેઓ પેનનું ઢાંકણ બંધ કરી નીચે મૂકવા જતા હતા, ત્યાં જ સેવક સંતે બીજી થપ્પી તેઓના હાથમાં આપી. પેનનું ઢાંકણ ખોલી તેઓએ ફરી લખવાનું શરૂ કર્યું. ત્યાં ઉપસ્થિત એક સંતે કહ્યું 'સ્વામી! હમણાં રહેવા દો ને? થોડો આરામ કરો પછી પત્રોના જવાબ આપજો' ત્યારે પ્રમુખસ્વામી મહારાજે પ્રત્યુત્તર વાળ્યો. 'પત્ર લખનાર કાગડોળે જવાબની રાહ જોતા હોય અને આપણે બેસી રહીએ કેમ ચાલે? આમ પણ અત્યારે આ થપ્પીનો જવાબ નહીં આપું તો આવતીકાલે બીજા નવા કાગળ ઉમેરાશે એટલે આ થપ્પી વધુ મોટી થશે. માટે આજનું કામ આજે જ કરી લેવું સારું.' પ્રમુખસ્વામી મહારાજના શબ્દોમાં કોઈ ઝાકઝમાળ કે છાકમછોળ નથી. પણ શ્રેષ્ઠ જીવન જીવવાની સહજ અને નક્કર શૈલી છે. તેઓ કહેતાં 'અત્યારે જે કામ કરવાનું હોય તે એક સેકન્ડ પછી કરવાનો વિચાર આવે તે પણ આળસ છે.' આ જ ખાસિયત છે મહાન પુરુષોની. સરેરાશ માણસો દિવસો અને કલાકના પરિમાણમાં જીવતાં હોય છે, જ્યારે દિગ્ગજ વ્યક્તિઓ મિનિટો અને સેકન્ડોના પરિમાણમાં જીવે છે. એટલે જ 'કાલે', 'ચાલે' કે 'પછી કરીશું' જેવા શબ્દો તેમને અભડાવી શકતા નથી.

> **કાલ ઉપર આપણો કોઈ અધિકાર નથી. આપણા હાથમાં વર્તમાન છે**

**+વાઈબ્સ**

**ડો. જ્ઞાનવત્સલ સ્વામી**

ભગવાનની કૃપાથી માનવમાત્રને સમયાંતરે શુભ પ્રેરણાઓની અંતઃસ્ફુરણા થતી રહે છે પણ મનુષ્યમાં રહેલી 'કાર્યને ઠેલવાની' વૃત્તિ એ શુભ સંકલ્પોના પાળિયા બનાવી દે છે. શુભ વિચારો પર કોઈનો ઈજારો નથી, એ તો ભગવાનની દેન છે. વિશ્વમાં દરરોજ અબજો માણસોને રચનાત્મક અને ક્રાંતિકારી વિચારોની પ્રેરણાથી થતી હશે પરંતુ 'કાલે', 'હમણાં નહીં', 'પછી કરીશું' જેવા ઘાતક શબ્દો (શસ્ત્રો!) એ ભવ્ય સ્વપ્નાઓની હત્યા કરી નાંખે છે અને તે અસાધારણ વિચારોને મનમાં ને મનમાં સંગ્રહી લોકો સાધારણ વ્યક્તિ તરીકે આ પૃથ્વી પરથી વિદાય થઈ જાય છે. પ્રસિદ્ધ ચિંતક ગેટેએ કહ્યું છે 'જે તમે કરી શકો છો, અથવા જે કરવા માટે તમે સ્વપ્ન સેવો છો તેની શરૂઆત કરી દો. સાહસમાં એક શક્તિ છે, જાદુ છે, પ્રતિભા છે... મગજને એક ધક્કો મળશે પછી કાર્ય એની જાતે સંપન્ન થવા માંડશે.' બસ, જરૂર છે ચિરકારીપણાની વૃત્તિને ચિરવિદાય આપવાની અને શરૂઆત કરવાના 'સાહસ'ની.

યાદ રહે કે કાલ ઉપર આપણો કોઈ અધિકાર નથી. આપણા હાથમાં વર્તમાન છે. 'કાલ' ના વાયદા છોડી 'આજે' અને 'અત્યારે'માં જીવનને ભરીએ. કોઈપણ કામને ઠેલ્યા વગર સત્વરે કરવાની વૃત્તિ રાખીએ અને એક સત્ય સતત નજર સમક્ષ રાખીએ. 'It's Now or Never' – 'અત્યારે નહીં તો પછી ક્યારેય નહીં'.

# અગત્યનું શું છે?

**+વાઈબ્સ**

**ડો. જ્ઞાનવત્સલ સ્વામી**

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન્ કહેતા, 'Man has learnt to swim like a fish in water, he has learnt to fly in sky as a bird, but he didn't learn to walk like a human being. This is the age of guided missiles & misguided man' આધુનિક આવિષ્કારો અને સુવિધા સજ્જ માળખાઓ રચીને માણસ પોતાનું નામ ખૂબ કમાયો, પરંતુ એના સરંજામોને વાપરવાનું 'Manual' કદાચ વાંચવાનું ભૂલી ગયો! અત્યારે દુનિયામાં બૉમ્બ, મિસાઈલ્સ બનાવનારા કાંઈ અશિક્ષિત નથી, શ્રેષ્ઠતમ વિશ્વવિદ્યાલયમાંથી graduate, post graduate કરેલું હોય છે, પરંતુ જો માહિતી અને જ્ઞાનને સત્કાર્યમાં વાપરવા કરતાં કેવળ પોતાની કીર્તિ કમાવા પાછળ ખર્ચે તો એ વિનાશને નોતરી શકે છે. માટે એક વાત રોજ વિચારવા જેવી છે કે ખરેખર અગત્યનું શું છે?

સવારથી ઊઠીને ખાવું-પીવું, બેસવું-ચાલવું, કામ-ધંધો કરવો, સંબંધો વધારવા એટલું જ જો માણસને કરવાનું હોય તો it is an animal life. રાત્રે ૧ વાગ્યા પછી રોડ ઉપર બે કૂતરા અડધો ટુકડો રોટલા માટે ઝઘડે અને બીજા દિવસે સવારે ૧૦ વાગ્યે કોર્પોરેટ ઑફિસના ઉપમા માળે બેસીને માણસ અડધો એકર જમીન માટે લડે આ બંનેની વૃત્તિ તો એક જ થઈ!

કેવળ સત્તા-સંપત્તિ અને ભોગવિલાસથી સમૃદ્ધ બનવું સાચી ઓળખ નથી. પ્રાયઃ નામના મેળવ્યા બાદ માણસ સ્વચ્છંદ-સ્વાભિમાન-સ્વમહત્ત્વકાંક્ષામાં જ રાચ્યા કરે, તેથી પોતાના કાર્ય પ્રત્યેની કર્તવ્યનિષ્ઠામાં આકસ્મિક રીતે ઘટાડો નોંધાવા લાગે છે, કારણ કે હવે તેણે 'સ્વ'માં જ પૂર્ણ સંતોષ માની લીધો છે, જે તેની પ્રગતિ ઉપર રોક લગાવી દે છે. 'પ્રસિદ્ધિ'ના નશાથી છોડાવા ભગવાન તેના કાર્યમાં નિષ્ફળતાના બમ્પર મૂકે છે, જે ખૂબ જ જરૂરી હોય છે અને તેનાથી જ તે તેના કાર્યમાં સાચી સમજણો શીખે છે.

'પ્રસિદ્ધિ'ના નશાથી છોડાવા ભગવાન તેના કાર્યમાં નિષ્ફળતાના બમ્પર મૂકે છે, જે ખૂબ જ જરૂરી હોય છે અને તેનાથી જ તે તેના કાર્યમાં સાચી સમજણો શીખે છે

ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે, 'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।' કર્મફળપ્રદાતા ઈશ્વરને માનીને પોતાનું કર્તવ્ય દૃઢ બજાવ્યું, તો આજે શ્રીકૃષ્ણની સાથે અર્જુનને કરોડો લોકો પૂજે છે. મહાપુરુષોનાં જીવનમાંથી એક નિષ્કર્ષ ચોક્કસ નીકળે છે કે, Instead of name, they always go for honest & ethical hard work.

૧૨૦૦થી વધુ સંસ્કાર કેન્દ્રો, હૉસ્પિટલો, શાળાઓ, છાત્રાલયો, મંદિરો બાંધીને જેમને ગિનીસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ્સ દ્વારા 'Master builder of 21st century' નો પુરસ્કાર પ્રાપ્ત થયો છે એવા પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે 'મારા જીવનમાં એક પણ કાર્ય એવું થયું નથી કે જેમાં મારે પસ્તાવું પડે.' ૮૦ વર્ષના નિષ્કલંક જાહેરજીવન પછી પણ કોઈ દુઃખ કે પસ્તાવાનો પ્રસંગ નહીં! આવા પ્રેરક પુરુષનું જીવનકાર્ય સદગુણોથી ઓળખાય છે, 'નામ' તેની પાછળ દોડતું આવે છે. તેઓ ઘણી વાર કહેતા કે, 'તમારી પાસે કનક-કીર્તિ બધું જ હશે, પણ જો સંસ્કાર નહીં હોય તો સંપત્તિ અને સંતતિ બંને ગુમાવાનો વારો આવશે.'

અમેરિકાના લોકપ્રિય અને પ્રથમ રાષ્ટ્રપ્રમુખશ્રી George Washington એક વાર પોતાની કચેરીમાં એક મોટા દરજ્જા માટે જરૂરિયાતમંદ વ્યક્તિની નિમણૂક કરવા લીસ્ટ વાંચતા હતા. તેમાં પોતાના એક ખાસ મિત્રનું નામ આવ્યું. બધાને થયું કે સાહેબ તેને પસંદ કરશે, પરંતુ લીસ્ટ આગળ જોતાં બીજી એક વ્યક્તિનું નામ આવ્યું કે જેણે Mr. Georgeનું નામ બગાડવા કોઈ પ્રકારનો વિરોધ બાકી રાખ્યો નહોતો. આ વાત પર ધ્યાન ન દેતા તેની કર્તવ્યનિષ્ઠા પર નજર રાખીને પસંદ કર્યો. અમેરિકન રાષ્ટ્રપ્રમુખ રોનાલ્ડના કહેવા પ્રમાણે - 'જો માણસ કાર્યનો યશ કોને મળશે? એનો વિચાર ન કરે તો તેની પ્રગતિની સીમા નથી.' આજે પણ એક સફળ રાષ્ટ્રપતિ તરીકે Mr. Georgeને લાખો લોકો યાદ કરે છે.

આવા આદર્શો આપણને સદગુણયુક્ત સત્કાર્યો કરવા પ્રેરે છે, નામ તો નિમિત્તમાત્રની ઓળખ છે.

# કોઈ શોર્ટકટ નથી

+વાઈબ્સ

ડૉ. જ્ઞાનવત્સલ સ્વામી

પ્રાચીનયુગથી આદ્યપર્યંત સ્વાસ્થ્યવિજ્ઞાન, ગણિત, યંત્રવિજ્ઞાન, રોકેટવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન આદિ અનેક ક્ષેત્રોમાં માનવજાતે કલ્પનાતીત સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આજે માણસ ચંદ્ર પર જઈ આવ્યો. પૃથ્વીનું પેટાળ માપી આવ્યો. આ દરેક સિદ્ધિઓનાં મૂળમાં છે માનવે કરેલો પુરુષાર્થ. ખરેખર, જ્યાં પુરુષાર્થ નથી ત્યાં સિદ્ધિ પણ નથી. આ દુનિયામાં જે પુરુષાર્થ કરે છે તે જ કંઈક પામે છે. જોકે હાલ હાર્ડ વર્ક કરતાં સ્માર્ટ વર્ક વધુ જરૂરી છે પરંતુ હાર્ડ હોય કે સ્માર્ટ, વર્ક તો કરવું જ પડે. એ વર્ક એટલે જ પ્રબળ પુરુષાર્થ. ખેડૂત ખેતરમાં જેટલો પરસેવો પાડે તેટલો વધુ પાક લણે. વૈજ્ઞાનિકો સંશોધનકાર્યમાં રાત-દિવસ એક કરે ત્યારે વિશ્વ કંઈક નવું સર્જન જોઈ શકે છે. આજે રતન ટાટા, મુકેશ અંબાણી, રોહિત શર્મા કે વિરાટ કોહલીની સફળતા જોઈ આપણી આંખો અંજાય છે, પરંતુ એ કક્ષાએ ટકી રહેવા માટે રોજનો ૧૬થી ૧૮ કલાકનો પુરુષાર્થ તેઓ કરે છે.

ગોડ ઑફ ક્રિકેટ તરીકે પ્રસિદ્ધ સચીન તેંડુલકરને જ્યારે સફળતાનું રહસ્ય પૂછવામાં આવ્યું ત્યારે તેઓ બોલ્યા હતા કે, 'રોજ સવારે ૬ વાગ્યે નેટ પર પહોંચી જવાનું, ૫૦૦ ડિલિવરી ફેસ કરવાની અને ત્યારબાદ જ બીજું કોઈ કાર્ય હાથમાં લેવાનું. પછી ભલે ફોર્મ સારું હોય કે આગલા દિવસે જ સેન્ચુરી કે ડબલ સેન્ચ્યુરી ફટકારી હોય.' ટાઈમ્સ ઑફ ઈન્ડિયાના એક ઈન્ટરવ્યૂમાં વિરાટ કોહલીએ એમની સિદ્ધિનું રહસ્ય જણાવ્યું હતું કે, 'Perhaps I have the more ability to work harder than my colleagues' મારા સાથીમિત્રો કરતાં મારામાં પુરુષાર્થ કરવાની ક્ષમતા વધારે હતી. એટલે હું અહીંયાં છું. ખરેખર પુરુષાર્થ વગર નામના મળતી નથી. આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ૭૧ વર્ષની ઉંમરે એક પણ રજા લીધા વગર રોજના ૧૪-૧૫ કલાક કામ કરે છે. ત્યારે ભારત દેશ માટે યોગ્ય નિર્ણયો લેવામાં આવે છે.

આ તો લૌકિક ક્ષેત્રની વાત થઈ, પણ આધ્યાત્મિક ક્ષેત્રમાં સંસારથી વિરક્ત એવા ત્યાગી હોવા છતાં પ્રમુખસ્વામી મહારાજે પ્રચંડ પુરુષાર્થનો અનુપમ દાખલો બેસાડ્યો છે. ૧૯૭૧માં ગુરુપદે આવ્યા બાદ માત્ર ૪૫ વર્ષના ટૂંકા ગાળામાં ૧૮૦૦૦ ગામડાઓમાં જઈને, અઢી લાખથી વધુ ઘરોમાં પધારીને, ૭.૫ લાખ પત્રો લખીને, ૧૬૨થી વધુ પ્રવૃત્તિઓનું સફળ સંચાલન કરીને તેઓએ માનવ ઉત્કર્ષનું અસાધારણ કાર્ય કર્યું. તેઓ વિશ્વના ૫૫થી વધુ દેશોમાં વિચર્યા અને લાખો લોકોનાં જીવનમાં અંગત રીતે રસ લઈ તેઓને ધર્મના માર્ગે વાળ્યા. ખરેખર દુનિયાના કોઈપણ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે પુરુષાર્થ અનિવાર્ય છે.

**પ્રચંડ પુરુષાર્થ વિના કોઈ વિકલ્પ જ નથી, પરંતુ આજે વગર મહેનતે પાસ થવાની, વગર મજૂરીએ પૈસા કમાવાની, વગર કામ કર્યે અધિકાર પ્રાપ્ત કરવાની મનોવૃત્તિ વધતી જાય છે**

જ્યાં પ્રચંડ પુરુષાર્થનો પનો પણ ટૂંકો પડે તેવો 6 ડિસેમ્બર, 1973નો દિવસ પ્રમુખસ્વામી મહારાજના જીવનમાં આવ્યો. તે દિવસે એકાદશીના નિર્જળ ઉપવાસમાં સવારે નવ વાગ્યે શરૂ થયેલી પધરામણી બપોરે સાડા ત્રણ વાગ્યે વિરમી ત્યારે પધરામણીનો આંક 122ને આંબી ગયો હતો, પરંતુ સર્વે સંતો, ભક્તોને આશ્ચર્ય તો ત્યારે થયું જ્યારે જાણ થઈ કે સ્વામીજીને તો સવારથી 102 ડિગ્રી તાવ હતો. આવો પ્રચંડ પુરુષાર્થ કેવળ ભક્તોની સુખાકારી માટે. ખરેખર મહાપુરુષો આપણને શીખવી જાય છે કે પ્રચંડ પુરુષાર્થ વિના કોઈ વિકલ્પ જ નથી, પરંતુ આજે વગર મહેનતે પાસ થવાની, વગર મજૂરીએ પૈસા કમાવાની, વગર કામ કર્યે અધિકાર પ્રાપ્ત કરવાની મનોવૃત્તિ વધતી જાય છે. સશક્ત અને નિરોગી માણસો આજે પુરુષાર્થથી, પરિશ્રમથી દૂર થતા જાય છે. પરસેવો પાડ્યા વિના સરળ અને સહેલું કામ શોધે છે અને લઘુતમ શ્રમથી મહત્તમ સફળતાની ઝંખના કરે છે, પરંતુ યુવાનોએ આ પ્રકારના વિચારોથી મુક્ત થઈને પુરુષાર્થ દ્વારા સિદ્ધિનો માર્ગ અપનાવવો પડશે, કારણ કે સફળતાનો બીજો કોઈ શૉર્ટકટ નથી. વેદો પણ ઉચ્ચારે છે, 'ચરૈવેતિ, ચરૈવેતિ...' 'ચાલ્યા જ કરો, ચાલ્યા જ કરો... પુરુષાર્થ કરો, આગળ વધો.'

# પરિવર્તનનું પ્રથમ પગલું

+વાઈબ્સ

**ડો. જ્ઞાનવત્સલ સ્વામી**

પુષ્પ ખીલે છે અને ખરે છે. સૂર્ય-ચંદ્ર ઊગે છે અને આથમે છે. જીવન પાંગરે છે અને પતનને પામે છે. કેલેન્ડરનાં પાનિયાં રોજેરોજ ઉખડતાં જાય છે.

પ્રભુપ્રેરિત પરિવર્તનની આ પરંપરા સામે મનુષ્યે પણ પરિવર્તનની એક શૃંખલા ખડકી છે. ગિરિગુહામાં વસનારો માનવી આજે ગગનગુહામાં વિહરી રહ્યો છે. એક સમયે ગરી ગયેલાં ફળ ખાઈને જીવન ગુજારતો માનવ આજે ભાતભાતની વાનગીઓ આરોગી રહ્યો છે. સંદેશાવ્યવહાર માટે કબૂતર ઉડાડતો મનુષ્ય આજે એક પળમાં પોતાનો અવાજ દરિયાપાર પહોંચાડી રહ્યો છે. પહેલાં માણસ માટે પોતાનું ગામડું એ જ દુનિયા હતી. આજે માનવીય પરિવર્તનોએ દુનિયાને ગામડામાં પરિવર્તિત કરી દીધી છે.

પરંતુ વિચારવા જેવી વાત એ છે કે – આ પરિવર્તનોની પરંપરાનું પરિણામ માણસ માટે માઠું આવ્યું હોય તેમ તો નથી જણાતુંને? પરિવર્તનનો પવન ફૂંકવા પાછળ માનવીનો હેતુ હતો – સુખી થવાનો, નિરાંત અને હાશ અનુભવવાનો. પરંતુ તેના બદલે માનવજાતે કંઈક બીજું તો હાંસલ નથી કરી લીધુંને?

ટી. એસ. એલિયેટ કહે છે : 'What did 20 centuries do? Endless invention, endless experiment, brings knowledge of motion, but not of stillness. All our knowledge brings us nearer to ignorance. All our ignorance brings us nearer to death and nearer to dust.' અર્થાત્ અસંખ્ય શોધ-સંશોધનોએ આપણને ગતિનું જ્ઞાન આપ્યું, પરંતુ સ્થિરતાનું નહીં. આપણું સઘળું જ્ઞાન આપણને વિનાશની નજીક લઈ આવ્યું છે.

હા, પરિવર્તનોએ દુનિયાને નાની બનાવી, પણ સામે પ્રશ્નોને વિકરાળ કરી મૂક્યા છે. આવું શાથી બન્યું? ખાટલે મોટી ખોડ ક્યાં રહી ગઈ? એક જવાબ છે – પરિવર્તનના પ્રથમ પગલાંની પસંદગીમાં માણસ ગોથું ખાઈ બેઠો.

સંસ્કૃત સુભાષિતમાં કહેવાયું છે કે 'કેવળ રાફડા પર લાકડી પછાડવાથી અંદરના સાપને હણી શકાતો નથી.' ભીતરની શાંતિ અને જંપ જોઈતા હોય તો કેવળ બાહ્ય પરિવર્તનોથી કાંઈ નહીં વળે. રાફડા પર લાકડી પછાડો ત્યારે દરમાં ભરાઈ રહેલો સાપ તો નિરાંતે સૂતો રહે છે. તેમ માણસ કપડાં બદલે, વાહનો બદલે, ખાવાની વાનગીઓ બદલે... આવાં અનંત બાહ્ય પરિવર્તનોથી અંદરની અશાંતિને કોઈ ફરક નથી પડવાનો. અંદરની અશાંતિને હડસેલો મારવા માટે અંદરથી પરિવર્તિત થવું પડે.


**'કેવળ રાફડા પર લાકડી પછાડવાથી અંદરના સાપને હણી શકાતો નથી.' ભીતરની શાંતિ અને જંપ જોઈતા હોય તો કેવળ બાહ્ય પરિવર્તનોથી કાંઈ નહીં વળે**


અંદરનું પરિવર્તન એટલે આપણાં વલણોનું પરિવર્તન. આપણા અભિગમ અને દૃષ્ટિકોણનું પરિવર્તન. આજે આવો જ એક અભિગમ આ વર્ષે જેઓની જન્મશતાબ્દી ઊજવાઈ રહી છે તે પ્રમુખસ્વામી મહારાજના જીવનમાંથી શીખીએ.

૧૯૮૫માં લંડનમાં પ્રમુખસ્વામી મહારાજના સાંનિધ્યમાં ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ ઉજવાઈ રહેલો. તે નિમિત્તે ભારતથી અહીં વિલાયત પધારેલા કેટલાક સંતો ઉત્સવ બાદ ભારત પરત ફરતા હતા. એ સંદર્ભમાં કોઈકે કહ્યું : 'સ્વામીજી! આજે ઘણા-બધા સંતો જતા રહ્યા.' પ્રમુખસ્વામી મહારાજ કહે, 'એવું ન કહેવું. બાર જ સંતો ગયા છે. ચોવીસ તો રહ્યા છે. 'પ્યાલો અડધો ખાલી છે' એમ ન કહેવું. 'અડધો ભરેલો છે' તેમ કહેવું.'

આ નાનકડો પ્રસંગ જીવનનો અનેરો સંદેશ શીખવી જાય છે. અડધા ભરેલા ગ્લાસને જે અડધો ખાલી જોશે તેને અધૂરપનો અહેસાસ મળશે, કંઈક ગુમાવ્યાની લાગણી અનુભવાશે, પરંતુ જો અડધો ભરેલો જોશે તો કંઈક પામ્યાનો આનંદ મળશે. ગ્લાસની જેમ માણસો પણ ઘણી વાર થોડા ભરેલા અને થોડા ખાલી હોય છે. આપણે શું જોવું છે?

ચાલો, આપણે પણ પોતીકાં વલણો, અભિગમોને માંજીએ. બદલવાની જરૂર લાગે તો બદલીએ, કારણ કે આપણી અણસમજ કે અધૂરી સમજને ફગાવી દેવામાં કદી મોડું થતું નથી. એક કવિએ સાચું જ કહ્યું છેને કે

**'सोच को बदलो, सितारे बदल जायेंगे; नज़र को बदलो, नज़ारे बदल जायेंगे। कश्तियाँ बदलने की ज़रूरत नहीं, दिशा को बदलो, किनारे बदल जायेंगे।'**

# નિષ્ઠાથી કાર્ય કરો

સન 1880ના વર્ષમાં બજારમાં ફાઉન્ટન પેનનો હજી નવો નવો જ પ્રવેશ થયો હતો. તે સમયે જ્યોર્જ પાર્કર નામનો એક સામાન્ય વ્યક્તિ ફાઉન્ટન પેન બનાવતી એક કંપનીમાં સામાન્ય કામ માટે જોડાયો. તે સમયે ફાઉન્ટન પેનમાં ખૂબ ખામીઓ હતી. જેના કારણે ગ્રાહકો તરફથી ખૂબ ફરિયાદો પણ આવતી, પરંતુ પેન બનાવતી કંપની પાસે પેન રિપેરિંગ કરી આપવાનો સમય નહોતો. તેથી જ્યોર્જ પાર્કર આવી બગડેલી પેનો ઘરે લઈ જતો અને તેને રિપેર કરી ગ્રાહકને સંતોષ આપવાનો પ્રયત્ન કરતો. એનું પરિણામ એ આવ્યું કે જતેદહાડે પેન બનાવનારી કંપની કરતાં પણ પાર્કર પાસે ફાઉન્ટન પેનની બાબતમાં વધુ જાણકારી હતી. એક દિવસ જ્યોર્જને એક વિચાર સ્ફુર્યો કે 'શું હું સ્વયં વધુ સારી ફાઉન્ટન પેન ન બનાવી શકું?' તેણે પોતાના આ વિચારને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા અથાગ પ્રયત્નો શરૂ કર્યા. વારંવાર પ્રયત્નો કરી, અનેક આવૃત્તિઓ સુધારી અંતે તેણે ઉચ્ચ ગુણવત્તાવાળી ફાઉન્ટન પેન બનાવતી કંપની 'પાર્કર'ની આ વિશ્વને ભેટ આપી. એક સામાન્ય કામદારે શરૂ કરેલી આ કંપની સાંપ્રત સમયે પણ પેન બનાવતી કંપનીઓમાં અવ્વલ ક્રમાંકે છે. ખરેખર કોઈ પણ સામાન્ય કામને અસામાન્ય રીતે કરવાવાળો માણસ કલ્પનાતીત ઊંચાઈએ પહોંચી શકે છે અને સફળતા પ્રાપ્ત કરી શકે છે.

આ ધરા પર રોજબરોજ અનેક માણસો પોતાનો પ્રથમ શ્વાસ લે છે અને અનેક વ્યક્તિ અંતિમ, પરંતુ એમાંથી બહુ ઓછા લોકો દુનિયાના તખત પર રાજ કરે છે. અર્થાત્, સફળતાની બુલંદીઓ સર કરે છે. નિષ્ફળ અને સફળ વ્યક્તિ વચ્ચેનો તફાવત આલેખતા શિવ ખેરા કહે છે, **'जीतने वाले कोई अलग काम नहीं करते, वे हर काम अलग ढंग से करते है।'** ખરેખર, સફળતાની પારાશીશી આપણે જીવનમાં કેટલાં કામ કરીએ છીએ તેના પર નહીં પરંતુ તે કામ કેવી રીતે કરીએ છીએ તેના પર રહેલી છે. આપણી આજુબાજુની દુનિયાનું અવલોકન કરતાં એટલું તો જરૂર જણાય છે કે એવા કેટલાંય કિસ્સા હોય છે જેમાં વ્યક્તિ પોતાની અનોખી કાર્યશૈલી, ધગશ અને પુરુષાર્થને કારણે ઝીરોમાંથી હીરો બન્યા હોય.

લંડનની પાર્લામેન્ટમાં ટેબલ-ખુરશી સાફ કરવાવાળો બાળક વિલિંગ્ટન, એક સમયે લંડનનો મેયર બન્યો. ગલીએ ગલીએ લોખંડનો ભંગાર ભેગો કરનાર કિંગ જીલેટ, આંતરરાષ્ટ્રીય કંપની જીલેટનો માલિક બન્યો.

સાયકલ પર વોશિંગ પાઉડરની ફેરી કરનાર કરસનભાઈ પટેલ 'નિરમા' કંપનીના સર્જક બન્યા. એક સમયે કલકત્તાના રેડિયો સ્ટેશનમાં રેડિયોજોકીની નોકરી માટે અયોગ્ય ગણાનાર અમિતાભ બચ્ચન ભારતીય સિનેજગતના મહાનાયક બન્યા.

આજથી ૭૨ વર્ષ પહેલાં તારીખ ૨૧/૫/૧૯૫૦ના રોજ ૨૮ વર્ષના યુવાન શાસ્ત્રી નારાયણસ્વરૂપદાસજીને ગુરુ શાસ્ત્રીજી મહારાજ દ્વારા બી.એ.પી.એસ. સંસ્થાના પ્રમુખ બનાવવામાં આવ્યા ત્યારે સંસ્થા પાસે ફક્ત ૫ મંદિરો હતાં, ૫૦ જેટલાં સંતો હતા અને આંગળીના વેઢે ગણી શકાય એટલા હરિભક્તો હતા, પરંતુ એ જ નારાયણસ્વરૂપદાસજી જ્યારે પ્રમુખસ્વામી મહારાજ તરીકે પ્રસિદ્ધિ પામી ૧૩/૮/૨૦૧૬ના દિવસે અંતર્ધાન થયા ત્યારે ૫૧ દેશોમાં ૧૧૦૦થી વધારે મંદિરો બનાવી ચૂક્યા હતા. પોતાના દેહ અને સ્વાસ્થ્યની ચિંતા કર્યા વિના અનેક દેશોમાં, શહેરોમાં અને ગામડાઓમાં વિચરી સામાજિક, પારિવારિક, આર્થિક અને માનસિક પ્રશ્નોથી ત્રસ્ત લાખો મુમુક્ષુઓની સમસ્યાઓનું સમાધાન આપી તેમના જીવનને ઉન્નત કર્યું હતું. એમની પ્રેરણાથી ૪૦ લાખ લોકો વ્યસનમુક્ત થયા. તેઓ ભારત ઉપરાંત અમેરિકા, ઈંગ્લેન્ડ, આફ્રિકા, ન્યૂઝીલેન્ડ જેવા દેશોમાંથી ભણેલાગણેલા ૧૦૦૦થી વધારે સંતો બનાવી ચૂક્યા હતા. વિશ્વપ્રસિદ્ધ સંસ્કૃતિધામ અક્ષરધામની ભેટ આપી ચૂક્યા હતા.

આમ કોઈપણ, સાનુકૂળતાઓ, સુવિધાઓ કે સુઆયોજનો વગર પોતાની કાર્યનિષ્ઠાએ જ આ બધા સામાન્ય માણસોને અસામાન્ય બનાવ્યા છે. તેઓના હૃદયનો ધબકાર આપણને એક જ સંદેશ વારંવાર આપતો રહે છે - નિષ્ઠાથી કાર્ય કરો.

**કોઈપણ, સાનુકૂળતાઓ, સુવિધાઓ કે સુઆયોજનો વગર પોતાની કાર્યનિષ્ઠાએ જ બધા સામાન્ય માણસોને અસામાન્ય બનાવ્યા છે, પ્રખ્યાત બનાવ્યાં છે**

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

# ખરેખર, શીખવું છે?

To live the best, Learn from the best શ્રેષ્ઠ જીવન જીવવા માટે દરેક શ્રેષ્ઠ વસ્તુઓમાંથી કાંઈક પ્રેરણા લેવી જોઈએ. મધમાખી જેમ બધાં ફૂલોમાંથી થોડું થોડું મધ ભેગું કરી લે છે. તેમ આપણે પણ આપણાં સંપર્કમાં આવતી વ્યક્તિ કે વસ્તુમાંથી પ્રેરણા લઈ શકીએ.

જેને શીખવું જ હોય તેને 'ચાની કોથળી' એટલે કે ટી-બેગ જેવી સાધારણ વસ્તુ પણ કેટલો ગૂઢ સંદેશ આપી જાય છે! ઉદાહરણ રૂપે ચાની કોથળી, આપણને પ્રથમ સંદેશ આપે છે કે 'આપણી અંદર જે છે તેનું મૂલ્ય છે.' બહારથી તો ચાની કોથળી ખૂબ સાધારણ દેખાય પણ અંદરનું તત્ત્વ માણસને તાજગી આપી દે છે. કિંમત એની છે. મર્સિડીઝ કે રોલ્સ રૉયસ કાર હોય પરંતુ તેમાં પેટ્રોલ જ ન હોય તો? પાર્કર કે પાયલટ પેન હોય પરંતુ તેમાં ઈન્ક જ ન હોય તો? બ્રાન્ડેડ કંપનીનો નવો ફોન આપણાં ખિસ્સામાં જ હોય પરંતુ તેની બેટરી 0% હોય તો? ફુગ્ગો લાલ, લીલો, પીળો રંગ જોઈને ઊંચે નથી ઊડતો પરંતુ તેની અંદર જે ગેસ ભર્યો છે તેને આધારે આકાશે ઊડે છે. તેમ આપણે જીવનમાં પ્રગતિ કરવી હોય તો આપણી અંદર શું છે? તે વધુ અગત્યનું છે. તેમ આપણું જીવન શુભ વિચારોથી તરબતર હશે તો સુખ-શાંતિ પ્રાપ્ત થશે.

ચાની કોથળી આપણને દ્વિતીય સંદેશ આપે છે કે 'વિકટ પરિસ્થિતિઓમાં, પડકારોનો સામનો કરવો.' Tea Bagને હૂંફાળા નહીં પરંતુ ઉકળતાં પાણીમાં નાંખવામાં આવે છે. અને ત્યારે જ ચા મજેદાર બને છે. તેમ સંઘર્ષોમાંથી પસાર થઈશું ત્યારે જ શક્તિ પ્રગટ થાય છે, વ્યક્તિની વિશેષતા ઉપસી આવે છે. 'વાગ્યા પહેલાં વાંસલડીને વીંધાવું પડે...' વાંસળી વગાડવી બધાને ગમે પરંતુ તેને કેટલાય સંઘર્ષોમાંથી પસાર થવું પડે છે. હીરાને ઘસીએ ત્યારપછી જ તેનું તેજ પ્રગટ થાય છે. આપણે બધાં એ એક વાત યાદ રાખવી જરૂરી છે કે જેટલાં સંઘર્ષનાં સમયમાં મજબૂત બનીશુ તેટલાં જ જીવનમાં આગળ નીકળી શકીશુ, કારણ કે સંઘર્ષ માણસને પરીપક્વ બનાવે છે. જેમ માટીનાં ઘડાને નીખારવા તપાવવામાં આવે છે તેમ સંઘર્ષ માણસને મજબૂત બનાવે છે.

અમેરિકાના લોકપ્રિય રાષ્ટ્રપતિ અબ્રાહમ લિંકનને અભ્યાસ કરવા કેટલો સંઘર્ષ કરવો પડતો? તેમની શાળા ૨૦ કિમી. દૂર હતી. ગરીબ પરિસ્થિતિ હોવાના કારણે ચાલીને શાળાએ જવું પડતું. એટલું જ નહીં, તેમની પાસે પુસ્તકો ખરીદવાના રૂપિયા પણ નહોતા તો લાઈબ્રેરીમાં વાંચીને પછી પરીક્ષા આપે. તેમ છતાં તેઓ કહે છે, 'Difficulties are gems to me. I embrace difficulties.' સંઘર્ષો મારા માટે રત્નસમાન છે. હું તેને આવકારું છું. પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ પણ સ્વલિખિત સત્સંગ દીક્ષા ગ્રંથના ૨૮૦માં શ્લોકમાં કહે છે, '**विपत्तिषु प्रार्थनं यत्नमाचरेत**' ધીરજ રાખવી, પ્રાર્થના કરવી અને પુરુષાર્થ કરતા રહેવો.

**'સમુદ્રમાં છીપલાં હોય ને મોતી પણ હોય, આપણે મોતી વીણી લેવાં.' તેમ દરેકમાંથી જો સારું જોવાનો પ્રયાસ કરીએ, તો આપણે પણ સારપ્યથી છલકાઈ ઊઠીએ**

**+વાઈબ્સ**

**ડો. જ્ઞાનવત્સલ સ્વામી**

ચાની કોથળી આપણને તૃતીય સંદેશ આપે છે કે 'આપણું સારું અન્યને આપવું અને અન્યનું સારું આપણે ગ્રહણ કરવું.' Tea Bag છિદ્રોવાળી હોય છે અને તેથી જ ગરમ પાણી અંદરના મસાલા સાથે મિક્સ થાય છે અને ચા બને છે. સ્વામી વિવેકાનંદ કહેતા, 'If you share one good thought, you will have two good thoughts' જો તમે એક સારો વિચાર બીજાને આપશો તો તે પણ તમને એક સારો વિચાર કહેશે અને તમારી પાસે બે સારા વિચારો થઈ જશે. ભગવાન સ્વામિનારાયણે પણ વચનામૃત લોયા-૫મા ભગવાન દત્તાત્રેયના ગુણગ્રહણના સ્વભાવને વખાણ્યો છે. તેમણે ચંદ્રમા, પશુ વગેરેમાંથી પણ ગુણ ગ્રહણ કર્યા. આપણે પણ પરિવારના સભ્યો સાથે કોઈ નવી વાત જાણી હોય તો share કરીએ.

પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ સરસ વાત કરતાં, 'સમુદ્રમાં છીપલાં હોય ને મોતી પણ હોય, આપણે મોતી વીણી લેવાં.' તેમ દરેકમાંથી જો સારું જોવાનો પ્રયાસ કરીએ, તો આપણે પણ સારપ્યથી છલકાઈ ઊઠીએ. દરેકમાંથી સારું શોધવાની આદત તમને પણ સારા બનાવે છે. આપણે Tea Bagમાંથી મળતો બોધપાઠ જાણ્યો. હવે ચિંતન કરવાનો વારો આપણો છે કે સૂર્ય, ફૂલ, વૃક્ષ અને ઘડિયાળાદિમાંથી કયો સંદેશો મળી શકે છે?

sanskar@sandesh.com

# ‘જેવો સંગ તેવો રંગ’, એ વાત સાવ સાચી

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણે જન્મ્યા ત્યારથી લઈને અત્યારસુધી એક વાત સાંભળતા આવીએ છીએ, ‘જેવો સંગ તેવો રંગ’. હા, આ વાત તદ્દન સાચી છે. જો વ્યકતિ સારાનો સંગ કરે તો તે પ્રગતિના પંથે ચડે છે અને કુસંગીનો સંગ કરે તો અધોગતિના!

આ ધરા પર ઈતિહાસ અને વર્તમાનની ઘણી ઘટનાઓ આપણને કુસંગ અને સત્સંગનું સતત અનુસંધાન કરાવતા રહે છે. કુસંગ જલદી ઓળખાતો નથી, પણ ધીરે ધીરે કરીને આપણને પતનના માર્ગે જરૂર દોરી જાય છે. સફળતાના શિખરો સર કરેલા માંધાતાઓ પણ કુસંગના કારણે જીવનપંથે પછડાટ ખાધી છે. શરૂઆતમાં સામાન્ય લાગતા આ કુસંગનું અંતિમ પરિણામ ઘણીવાર ખૂબ ઘાતક નિવડતું હોય છે. અને આ કુસંગ કેવળ વ્યક્તિના સ્વરૂપમાં નથી હોતો, શું જોવાય છે? શું ખવાય કે પીવાય છે? શું વંચાય છે? એ બધી બાબતોનો આપણા મન પર ઊંડો પ્રભાવ હોય છે.

વિશ્વપ્રસિદ્ધ ક્રિકેટર સચિન તેંડુલકરે જ્યારે ક્રિકેટવિશ્વમાં પ્રવેશ કર્યો ત્યારે તેમની જોડે તેમના જેવા જ એક ક્રિકેટરે પણ પ્રવેશ કરેલો. તે હતા વિનોદ કાંબલી. પણ આજે વિશ્વ માત્ર સચિન તેંડુલકરને જ જાણે છે. વિનોદને ઘણા વ્યક્તિઓ જાણતા નથી અને કદાચ આવનારી પેઢી ને તો આ નામ પણ સાંભળવા નહીં મળે. તેનું એક માત્ર કારણ હતું, ‘કુસંગ.’ ક્રિકેટના વિશ્વમાં થોડી ખ્યાતિ મેળવ્યા બાદ વિનોદ કુસંગના જાળમાં જકડાયા. ચારિત્ર્યને લજ્જા પામે તેવા કૃત્યો કરી બેઠા. અને પરિણામે ખૂબ સારી આવડત હોવા છતાં ક્રિકેટ વિશ્વમાંથી તેને વિદાય લેવી પડી. કુસંગના કારણે સફળતાનાં એવરેસ્ટ સર કરતો માનવી પળવારમાં જ અધોગતિનાં પંથે ભટકતો જોવા મળે છે.

જેમ કુસંગના સંગથી અધોગતિ પમાય છે, તેમ સત્સંગ અર્થાત સારાનો સંગ કરવાથી આસુરી જીવ પણ ઊર્ધ્વગતિને પામે છે. લૂંટ અને ચોરી કરી જીવન ગુજારતા એક વ્યક્તિ, એક સંતના યોગે મહાન ઋષિ બન્યા. જેઓ દ્વારા મહાન ગ્રંથ રામાયણની ભેટ મળી. આજથી બસો વર્ષ પૂર્વે જેનું તીર બંગાળ સુધી ચાલતું તેવો નિર્દય લૂંટારો જોબનપગી ભગવાન સ્વામિનારાયણના યોગમાં આવ્યો અને ભક્તપંક્તિમાં એક રત્ન સમાન સૌના આદર્શ તરીકે સ્થાન પામ્યો.

દારેસલામ શહેરના નિવાસી શ્રી સુભાષભાઈ પટેલ પણ એવું એક વિરલ ઉદાહરણ છે. સુભાષભાઈ પૈસાની કોઈ ખોટ નહોતી અને સાથે સાથે બદીઓની પણ કોઈ ખોટ નહોતી. શિકાર અને અન્ય મોજશોખ જાણે એમના પર્યાય બની ચૂક્યા હતા. શિકાર માટે બંદૂકો ભરેલી એક સ્પેશ્યલ જીપ રાખેલી. જંગલમાં જવાનું, શિકાર કરવાનો અને તેને ત્યાં જ ખાવાનો. વળી વ્યસનો પણ એવા જ. દારૂ, સિગારેટ, અફીણ... અરે એક પણ એવું વ્યસન બાકી નહીં હોય જે એમણે ન કર્યું હોય. વળી ગુંડાગીરી અને મારપીટ તો રોજ ચાલતી. પૈસાના જોરે ઘણા સરકારી અધિકારીઓને પણ તેમણે ઘરમાં જઈને મારેલા. તેમના નામમાત્રથી સૌ ભયભીત થઈ જતા. પરંતુ એ સુભાષભાઈને પ્રમુખસ્વામી મહારાજનો યોગ થયો. ઘટના આકસ્મિક હતી. પરંતુ સુભાષભાઈ પ્રથમ મુલાકાતે જ પ્રમુખસ્વામી મહારાજની પવિત્રતા અને દિવ્યતા અનુભવી નતમસ્તક થઈ ગયા અને પારસના સ્પર્શે લોઢું જેમ કંચન થઈ જાય તેમ સુભાષભાઈનું જીવન પરિવર્તિત થયું. એ પરિવર્તન એવું હતું કે તેમનો સત્સંગ અને સમાજ-સેવા જોઈ લોકો તેમને દાદાના હુલામણા નામથી બોલાવવા લાગ્યા. ગત વર્ષે તેઓના મૃત્યુ બાદ તેમના અંતિમ સંસ્કાર સ્થાનિક આફ્રિકનથી માંડીને સરકારી અધિકારીઓ તથા રાજનેતાઓ સમેત અનેક લોકો હાજર રહેલા. આ હતા સારા સંગનો જાદુ.

બીએપીએસ સંસ્થાનાં આધ્યાત્મિક ગુરુ મહંત સ્વામી મહારાજ સત્સંગદીક્ષા ગ્રંથમાં જણાવે છે કે

**सङ्गोत्रबलवाल्लोकेयथासंगंहिजीवनम् ।**

અર્થાત, આ સંગ ખૂબ બળવાન છે. જેવો સંગ હોય તેવું જીવન બને. તો આવો આપણે પણ આપણી જાતને સારા લોકો, પુસ્તકો અને દૃશ્યોથી વીંટળાયેલી રાખીએ. સારો સંગ કરી જીવન ઊજાળીએ.

# મૂલ્યવિહીન કશું નથી

**+વાઈબ્સ**

**ડો. જ્ઞાનવત્સલ સ્વામી**

શું આપણે કલ્પના કરી શકીએ કે ખેતરમાં ઊગતા નકામા કાંટાથી ધન પામી શકાય? કદાચ નહીં, પરંતુ આ કલ્પના વાસ્તવિકતામાં પરિવર્તિત થઈ. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન અંગ્રેજોએ ભારતથી ઘણું લોખંડ બ્રિટનમાં નિકાસ કર્યું હતું. જેના પરિણામે ભારત દેશમાં નાની ટાંકણીની પણ ખેંચ ઊભી થાય ત્યાં સુધીની લોખંડની તંગી સર્જાઈ હતી. તેથી તે સમયે સામાન્ય ટાંકણીના ભાવ પણ આસમાને પહોંચ્યા હતા. આવી કપરી પરિસ્થિતિમાં ગોંડલ રાજ્યના રાજવી શ્રીભગવતસિંહજી મહારાજે એક દિવસ પોતાની કચેરીમાં સૂક્ષ્મ નજરે એક દૃશ્ય જોયું. કાગળ સાથે ટાંકણી પણ કચરાપેટીમાં જાય છે. તેઓ વિચારમગ્ન થયા કે, 'એક તો લોખંડની અછત અને તેમાં આ ટાંકણી કચરાપેટીમાં જાય છે. શું કરીએ તો તેની બચત થાય.' અને તેમના મનમાં એક વિચાર સ્ફુર્યો. બીજા દિવસે તેઓએ રાજ્યના દાતણ વેચનારાઓના મુખીને બોલાવી ફરમાન જાહેર કરાવ્યું, 'તમામ સેવકોએ બાવળનાં દાતણ કાપીને વધેલી શૂળો ફેંકવી નહીં, પરંતુ સારી, મજબૂત અને કાગળમાં ભરાવવામાં કામ લાગે તેવી શૂળોનું બંડલ બનાવી રોજ સાંજે કચેરીમાં પહોંચાડવી.' ત્યારબાદ બધા જ ટાંકણીને બદલે શૂળ વાપરવા માંડ્યા. ૨ વર્ષ બાદ ભગવતસિંહજીએ દીવાન પાસે આંકડો કઢાવ્યો ત્યારે આશ્ચર્ય, રાજ્યની તિજોરીને ૧,૨૨,૦૦૦ રૂપિયાનો ફાયદો થયો હતો. એ સમયમાં...

અંગ્રેજીમાં કહેવાયું છે, 'There is only one degree of difference between hot water and steam.' સફળતા અને નિષ્ફળતા, નફો અને ખોટ વગેરે પામવામાં ક્યારેક આપણે જેની ગણતરી પણ ન કરી હોય તેવા વિચાર, વસ્તુ કે વ્યક્તિ કારણભૂત હોય છે.

એક જહાજ એડન બંદરેથી મુંબઈ આવવા નીકળ્યું. હોશિયાર ખલાસીએ એક માણસને હોકાયંત્ર પાસે બેસાડ્યો. સાથે સૂચના પણ આપી કે સોય તેની જગ્યા બદલે, તો તરત જાણ કરવી. આગળ જતા જહાજે સહેજ દિશા બદલી. હોકાયંત્રનો કાંટો એક ઈંચના વીસમા ભાગ જેટલો ખસ્યો. ત્યાં બેસાડેલા માણસને થયું, 'એટલામાં શી જાણ કરવી?' એમ વિચારી ખલાસીને કહેવાનું ટાળ્યું. એમ કરતાં-કરતાં જહાજે પંથ કાપી નાખ્યો. છેવટે ભારતનો કિનારો દેખાયો પણ પોતાનું ધ્યેય સ્થાન મુંબઈ ૫૦૦ માઈલ ઉત્તરે રહી ગયું હતું.

ક્યાં એક ઈંચના વીસમા ભાગના બે છેડા વચ્ચેનું અંતર અને ક્યાં ૫૦૦ માઈલનું અંતર. શૂળ હોય કે સોય. સામાન્ય રીતે દેખાતી આ બે સૂક્ષ્મ વસ્તુએ પરિણામ ઉપર ઘણો મોટો તફાવત સર્જી દીધો. તેથી જીવનમાં નાનીનાની વાતો અને સિદ્ધાંતોનો ખ્યાલ રાખવો જોઈએ.

તા.૨૪/૪/૧૯૮૭માં પ્રમુખસ્વામી મહારાજ સારંગપુર હતા. દુષ્કાળની કપરી પરિસ્થિતિ હતી. આવી વિકટ પરિસ્થિતિને નાથવાની શરૂઆત સ્વામીજીએ સ્વયંથી કરી. તેઓએ કેવળ એક જ ડોલ પાણીથી સ્નાન કરવાનું શરૂ કરી દીધું હતું. તે સમયે સ્વામીજી સર્વને શૂન્યમાંથી સર્જન કરવાની પદ્ધતિ સમજાવતાં કહેતા, 'ટીપે-ટીપે સરોવર ભરાય. પંખા, લાઈટો વગેરેનો પણ ગણતરીપૂર્વક ઉપયોગ કરીએ તો બાર મહિને વીસ-પચીસ હજાર રૂપિયા બચે.' આ પથ પર ચાલીને જ તેઓએ તેમના જીવનકાળ દરમિયાન ૧૨૦૦થી વધુ મંદિરોની રચના કરી છે. અરે! લંડન મંદિર જેવા પથ્થરના કળા-કોતરણીવાળાં બેનમૂન મંદિર અને સુરતની બી.એ.પી.એસ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ જેવા ઘણા પ્રકલ્પો પ્રમુખસ્વામી મહારાજે હરિભક્તોના સમર્પણની સાથે કચરામાં નાખવાલાયક ટીન કે પસ્તી જેવી મામૂલી વસ્તુને એકત્ર કરાવીને તેના મૂલ્યમાંથી કર્યા છે. ઘણી વાર આપણાં મનમાં નાની વસ્તુ, માપ કે માનવનું કોઈ મૂલ્ય નથી હોતું, પરંતુ કોઈ પણ નાનામાં નાની વસ્તુનું કંઈક મૂલ્ય હોય છે, જે જીવનમાં કોઈ પણ ક્ષણે ઉપયોગમાં આવી શકે છે. જેમ એક નાની કૂંચી જ મોટા મકાનમાં પ્રવેશવાનું દ્વાર ખોલે છે તેમ નાના વિચારોને જ ધ્યાનમાં રાખી જીવતા મહાન પુરુષોએ સિદ્ધિનાં શિખરો સર કર્યાં છે. ચાલો, આપણે પણ આપણી આજુબાજુથી પ્રાપ્ત થતા નાના પરંતુ સારા વિચારોને અમલમાં મૂકી પ્રગતિના પંથે પ્રયાણ કરીએ...

> **જેમ એક નાની કૂંચી જ મોટા મકાનમાં પ્રવેશવાનું દ્વાર ખોલે છે તેમ નાના વિચારોને જ ધ્યાનમાં રાખી જીવતા મહાન પુરુષોએ સિદ્ધિનાં શિખરો સર કર્યાં છે**

sanskar@sandesh.com

# કેટલી જરૂર છે...?

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

આપણે આપણા ઘરના કોઈ ખૂણામાં શાંતિથી બેઠા બેઠા ચા પીતા હોઈએ. તે સમયે આપણા જ કોઈક સ્નેહી આપણને વોટ્સએપ કરે કે, અમે એક નવી ઈલેક્ટ્રિક ગાડી લીધી! આ જુઓ ફોટો. બસ, પરિવર્તની હવા ફૂંકાઈ જાય. શાંતિ પરિવર્તિત થઈ જાય અશાંતિમાં. જાણે ત્રણ દિવસની ઊતરેલી કઢી પીધી હોય તેવા મુખના હાવભાવ થઈ જાય અને અંતરમાં એસિડિટી થાય કે મારી પાસે આવી ગાડી નથી.

ખરેખર! સાઈકલવાળાને સ્કૂટર ન હોવાનું દુ:ખ, સ્કૂટરવાળાને કાર ન હોવાનું દુખ, કારવાળાને હેલિકોપ્ટર ન હોવાનુ દુ:ખ, ધનપતિને સત્તાધીશ ના હોવાનું દુ:ખ, ગૃહિણીઓથી માંડીને રાજા-મહારાજાઓ સૌ પોતાની પાસે જે છે તેને સારી રીતે ભોગવી શકતા નથી અને જે નથી તે ભોગવવાની સતત લાલસા રહે છે. આમ, સહુ વત્તાઓછા અંશે એક અદૃશ્ય વાંછનાની આશ્ચર્યકારી સાંકળ વડે બંધાયેલા હોય છે. માણસને ભાસે છે અમે દોડી રહ્યા છીએ, પરંતુ શું ખરેખર તેઓ મુક્ત રીતે દોડી રહ્યા છે?

પ્રમુખસ્વામી મહારાજના ગુરુ યોગીજી મહારાજ એક બોધકથા દ્વારા જણાવતા કે, જંગલમાં એક શિયાળ સવારે ઊઠ્યું ત્યારે સૂર્ય ઊગી ગયો હતો. પોતાનો પડછાયો ખૂબ મોટો જોઈ તેને થયું, 'હું આટલો મોટો છું, તેથી જ્યારે એક હાથી ખાઈશ ત્યારે પેટ ભરાશે.' આમ વિચારી બપોર સુધી ભટક્યો. હાથીના શિકાર માટે પ્રયત્ન પણ કર્યા, પરંતુ નિષ્ફળ. તેથી થાક્યું પાક્યું બપોરે શ્વાસ લેવા, આરામ કરવા આડું પડ્યું ત્યારે જ તેણે ફરીથી પોતાનો નાનો થઈ ગયેલો પડછાયો જોયો અને ત્યારે શિયાળને વિચાર આવ્યો કે, 'મારે તો એક સસલાની જ જરૂર છે. હું નકામો હાથી મારવા માટે પ્રયત્ન કરતો હતો.' આપણે પણ મોટી મોટી આકાંક્ષા રાખીએ છીએ અને કદાચ તેથી જ જીવનમાં હેરાનગતિ અને દુઃખ આવે છે.

જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તો ક્યારેય ભરાય નહીં તેમ ઈચ્છાઓનું પણ કંઈક એવું જ છે, પરંતુ મનુષ્ય તેનો ત્યાગ કરે ત્યારે સંપૂર્ણતાને પ્રાપ્ત કરી શકે છે. શ્રીમદ્ ભાગવતમાં શુકદેવજી પરીક્ષિતને કહે છે,

પૃથ્વી છે, તો શય્યા માટે પ્રયાસ શા માટે કરવો?

**ખરેખર જીવનમાં જરૂર છે સમજણ રૂપી શસ્ત્રની, જેનાથી તૃષ્ણાની બેડી તોડી શકાય. જરૂર છે સાદગી રૂપી કસ્તુરીની જેની સૌરભથી સ્વયંને મહેકાવી શકાય**

પોતાના બાહુ છે, તો ઓશિકાની જરૂર શી છે?

ખોબો છે, તો જાતજાતનાં અન્ય પાત્રોની શી જરૂર છે?

અને દિશાઓ તથા વલ્કલો છે, તો અન્ય વસ્ત્રોનું શું કામ છે?

સન ૧૯૮૦માં SLV-3ની સફળતા બાદ ડૉ.અબ્દુલ કલામ પ્રોફેસર ધવન સાથે વડાપ્રધાનશ્રીને મળવા સાદાં વસ્ત્રો અને સ્લીપર પહેરીને જ ગયા હતા.

પ્રખ્યાત વિજ્ઞાની આઈનસ્ટાઈનને જ્યારે ભેટમાં કોઈ વસ્તુ આપે ત્યારે તેઓ કહેતા, 'મને આ વસ્તુ શું આપો છો? મારા હાથમાં કેવી બેડી નાંખો છો? મારે જેની જરૂર નથી તેના મોહમાં શા માટે ફસાઉં.' અરે! પોતાના જન્મદિવસે પણ થીંગડાંવાળું પેન્ટ પહેર્યું હતું. પાર્ટી બાદ પત્નીએ કહ્યું, 'મને શરમ આવી.' આઈનસ્ટાઈન કહે, 'આ બધા મને મળવા આવ્યા હતા. મારા પોશાકને નહીં.'

પ્રમુખસ્વામી મહારાજ પણ BAPS જેવી વિરાટ સંસ્થાના પ્રમુખ હોવા છતાં પોતા માટે ક્યારેય સગવડો કે સુવિધાઓ ઝંખી નથી. કોઈ અલાયદી વ્યવસ્થા નહીં. સૂવાનું પણ મોટેભાગે જાહેરમાં જ. ઘણી વાર ખુલ્લામાં રેતીના ઢગલા પર કાંઈ પણ પાથર્યા વિના સૂતા છે. જમવાનું પણ સાદા રસોડે જ. ચાર દાયકાથી સાથે વિચરણ કરનારને પણ તેઓને શું વાનગી ભાવે છે તે પણ તેનાથી અજ્ઞાત. આમ, સાદું જીવન અને ઉચ્ચ વિચાર ધરાવનાર જીવનમાં મહાન બને છે. એટલું જ નહીં, પરંતુ અપાર શાંતિ અનુભવે છે. માટે ખરેખર જીવનમાં જરૂર છે સમજણ રૂપી શસ્ત્રની, જેનાથી તૃષ્ણાની બેડી તોડી શકાય. જરૂર છે સાદગી રૂપી કસ્તુરીની જેની સૌરભથી સ્વયંને મહેકાવી શકાય. જરૂર છે સ્વયંને પૂછવાની કે ખરેખર મારે કેટલી જરૂર છે?

sanskar@sandesh.com

# સફળ સંચાલક બનવું છે?

અમેરિકાની પ્રખ્યાત કાર્નેગી યુનિવર્સિટીના અધિકારીઓએ માણસની સફળતા-નિષ્ફળતાના વિષયનો અભ્યાસ કરવા ૧૦ હજાર વ્યક્તિઓની મુલાકાત લીધી. મુલાકાતોનું તારણ એ આવ્યું કે, 'વ્યક્તિની સફળતાનો ૧૫% આધાર જ તેની બુદ્ધિ, કામ કરવાની આવડત અને હુન્નરીય કળા-કૌશલ્ય ઉપર છે. ૮૫% આધાર તેના લોક-સંબંધો ઉપર છે. અર્થાત્, અન્ય સાથેના વ્યવહાર ઉપર છે.' સંચાલન, વ્યવસ્થાપન કે પ્રબંધનના ક્ષેત્રમાં આગળ વધી રહેલા સંચાલકો, વ્યવસ્થાપકોને કદાચ આ તારણ ઘડીક આંચકો આપી જાય એવું છે.

મનુષ્ય એ બુદ્ધિશાળી પ્રાણી છે. ભગવાને આપેલા બુદ્ધિતત્ત્વથી જ તે પૃથ્વી પરનાં અન્ય પ્રાણીઓ કરતાં અલગ સાબિત થયો છે. આજે, ૨૧મી સદીનાં ૨૧ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યાં છે. વિશ્વના માનવ ઈતિહાસ સામે નજર કરીએ છીએ ત્યારે સ્પષ્ટ જણાય છે કે મનુષ્યજીવનને લગતાં તમામ ક્ષેત્રોમાં પોતાના બુદ્ધિબળે માણસે અનેકવિધ સંશોધનો કરી ખૂબ પ્રગતિ સાધી છે. પોતાની સંચાલન-વ્યવસ્થાપન શક્તિથી માણસે ઘણો વિકાસ પણ કર્યો છે.

ગામડાની ચાર છાપરાંવાળી પ્રાથમિક શાળાથી લઈ વિરાટ વિશ્વવિદ્યાલયોનું, નાની લુહારી કોઢથી મહાકાય ફાઉન્ડ્રીઓ અને રિફાઈનરીઓનું, શેરીના પાનના ગલ્લાથી લઈ ગજકાય 'મૉલ'નું સંચાલન કરવું તે આજે માણસ માટે ડાબા હાથની રમત છે. સાથે સાથે ખ્યાતનામ વિશ્વવિદ્યાલયોમાં અનુભવી અધ્યાપકો દ્વારા પીરસાતું 'સંચાલન' કે 'પ્રબંધન'નું જ્ઞાન જે તે વ્યક્તિની 'સંચાલન' કળાને વધુ ધારદાર બનાવી રહ્યું છે.

પરંતુ, મેનેજમેન્ટ ક્ષેત્રમાં એક સાચી પરંતુ કડવી વાસ્તવિકતા સંચાલનકર્તાઓએ સ્વીકારવી પડી છે કે ધંધા-વ્યાપારમાં યંત્ર અને નાણાંના પ્રબંધન કરતાં માનવ પ્રબંધનનું મહત્ત્વ વિશેષ છે.

એક વાર એક વિશાળ બહુરાષ્ટ્રીય કોર્પોરેશનના પ્રમુખને પૂછવામાં આવ્યું કે, 'વાસ્તવિકમાં તેઓ શેનું ઉત્પાદન કરે છે?' ત્યારે તેઓએ કહેલું 'હું કોઈ વાહનો કે પગરખાંની દોરી બનાવતો નથી. હું માત્ર માણસો તૈયાર કરું છું, કારણ કે માણસો આ બધી વસ્તુઓ બનાવે છે.' કોર્પોરેશનના એક સંચાલકની આ નિખાલસ કબૂલાત જ જણાવે છે કે પ્રબંધનમાં માનવનું અસ્તિત્વ મહત્ત્વનું છે.

મહાપુરુષોના જીવનમાં ડોકિયું કરીએ તો તેઓએ આ વાસ્તવિકતાને ક્યારેય વિસારી નથી.

**મેનેજમેન્ટ ક્ષેત્રમાં એક સાચી પરંતુ કડવી વાસ્તવિકતા સંચાલનકર્તાઓએ સ્વીકારવી પડી છે કે ધંધા-વ્યાપારમાં યંત્ર અને નાણાંના પ્રબંધન કરતાં માનવ પ્રબંધનનું મહત્ત્વ વિશેષ છે**

**+વાઈબ્સ**

**ડો. જ્ઞાનવત્સલ સ્વામી**

બી.એ.પી.એસ. સંસ્થાનું ૬૫ વર્ષ સુધી સંચાલન કરનાર પ્રમુખસ્વામી મહારાજે માનવસંબંધો અને માનવ લાગણીઓને મહત્ત્વ આપ્યું છે. તેઓએ માણસોને સાંભળ્યા છે, સંભાળ્યા છે. તેથી જ તેઓ સફળ રહ્યા છે.

અમેરિકન પ્રમુખ રૂઝવેલ્ટે કહ્યું છે કે, 'The most important single ingredient in the formula of success is knowing how to get along with people.' 'સફળતાના સૂત્રમાં મહત્ત્વનું તત્ત્વ જો કોઈ હોય તો તે માણસ સાથે કઈ રીતે રહેવું, કાર્ય કરવું.'

તા. ૭/૭/૨૦૦૯ના રોજ બોચાસણમાં વિરાજિત પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજનાં દર્શન માટે IIM ઈન્દૌરના ડાયરેક્ટર શ્રીરવિચંદ્રન પધારેલા. ઈન્દૌર ખાતેના શૈક્ષણિક સંકુલના વિકાસ-વિસ્તારમાં તેઓએ ખૂબ પુરુષાર્થ કરેલો છે. પ્રમુખસ્વામી મહારાજ સાથેની પ્રથમ મુલાકાતમાં જ તેઓને સ્વામીશ્રીની વિનમ્રતા, સરળતા અને સાધુતા સ્પર્શી હતી.

'શ્રીરવિચંદ્રનજી ઈન્દૌરથી મોટરમાર્ગે આખી રાતની મુસાફરી કરીને પધાર્યા છે', તે જાણ થતા જ પ્રમુખસ્વામી મહારાજે વ્યવસ્થાપક સંતોને જણાવેલું કે, 'સાહેબને કહેજો કે ઉજાગરો કરીને આવ્યા છે. તો આરામ કરીને નીકળે. જેથી તેમને અને તેમના ડ્રાઈવરને પણ આરામ મળી જાય. તેણે સતત ગાડી ચલાવી હશે.'

આ વાત જ્યારે સંતોએ શ્રી રવિચંદ્રનજીને જણાવી ત્યારે આ Management મહારથી બોલી ઊઠ્યા કે 'આ એવી બાબત છે જે IIMમાં નથી ભણાવતા. અમે વિદ્યાર્થીઓને બીજું ઘણું શીખવીએ છીએ, પરંતુ લોકોની સંભાળ લેવાનું મહત્ત્વનું કામ ચુકાઈ જાય છે.'

એક ચિંતકે કહ્યું છે, 'Nobody cares how much you know, until they know how much you care.' - તમે કેટલું જાણો છો તેની કોઈને દરકાર નથી પણ તમે કેટલી દરકાર કરો છો એને જ સૌ જાણે છે.

સંચાલનની સાચી સફળતા માનવીની સારસંભાળમાં છે.

આવો, પ્રમુખસ્વામી મહારાજને પગલે આપણે પણ એક સફળ સંચાલક બનીએ. સંબંધોની મીઠાશથી સંચાલનને સાર્થક બનાવીએ.

sanskar@sandesh.com

# જીવનનું શ્રેષ્ઠ સુખ

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

ખૂબ નાની ઉંમરે સામાન્ય ગરીબ આફ્રિકન પરિવારમાંથી વિશ્વપ્રસિદ્ધ પોપસિંગર તરીકેની યાત્રા કરનાર કલાકાર એટલે માઈકલ જેક્શન. જેની આજ સુધી પ્રકાશિત થયેલા આલબમની રેકોર્ડ ૭૫ કરોડથી વધુ વેચાયેલી છે. જેની પાસે 550 કરોડ ડૉલરથી વધુ બેન્ક બેલેન્સ હતું. સ્વયંના રહેવા માટે અઢી હજાર એકરમાં 'નેવરલેન્ડ' નામનું ફાર્મ બનાવેલું. 12થી વધુ ડૉક્ટરનો સમૂહ સદાય તેના માટે તત્પર રહેતા. આટલી બધી સુખ, સંપત્તિ અને સમૃદ્ધિ હોવા છતાં તેના ઉદ્‌ગારો હતા, 'Actually I am one of the loneliest person on this earth.'

એટલે જ કોઈએ સાચું જ કહ્યું છે કે, 'The supreme happiness of life is the conviction that we are loved by other.' અર્થાત્ આપણને પ્રતીતિ થાય કે મને અન્ય તરફથી પ્રેમ થઈ રહ્યો છે એ જીવનનું શ્રેષ્ઠ સુખ છે. ખરેખર, સંબંધો વગરની ભૌતિક સવલતો સુગંધ વગરના ગુલાબ જેવી છે. બાહ્ય વૈભવ અને સુખ-સગવડ વ્યક્તિને આરામદાયક જીવન જરૂર પૂરું પાડશે, પરંતુ સાથે આંતરિક હૂંફ, સંતોષ અને શાંતિ માટે પોતાના કહી શકાય એવા માણસોનો સંગાથ મળે તો આપણું જીવન સોનામાં સુગંધ ભળ્યા જેવું બની જાય.

અમેરિકામાં કાર્નેગી ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી નામની એક સંસ્થા છે તેના અધિકારીઓએ માણસની સફળતા નિષ્ફળતાના વિષયનો અભ્યાસ કરવા દસ હજાર વ્યક્તિઓની મુલાકાત લીધી અને તારણ આપતાં જણાવ્યું કે, વ્યક્તિની સફળતાનો ૧૫ ટકા આધાર તેની બુદ્ધિ, કામ કરવાની આવડત અને હુન્નરીય કૌશલ્ય પર છે, પરંતુ ૮૫ ટકા આધાર તે માનવીના અન્ય સાથેના લોકસંબંધો કેવા છે? તેને ફાળે જાય છે.

પરંતુ સંબંધોનું એક કડવું સત્ય એ છે કે જીવનનૈયા સુખના પ્રદેશમાંથી પસાર થતી હોય ત્યારે તો સૌનો સાથ અવશ્ય મળી રહે, પણ દુ:ખના દિવસોમાં સંગાથ આપે એ જ સાચો સંબંધ કહી શકાય.

અમરેલી જિલ્લાના ખડાધાર ગામમાં રહેતા રવજીભાઈનો પરિવાર જ્યાં બીમારી અને ગરીબી ડેરો તાણીને બેઠેલી, પતિ-પત્ની બંને એ વખતે અસાધ્ય ગણાતા ટી.બી. રોગના દર્દી, ઘરના રોટલા માંડ નીકળે ત્યાં ઈલાજના પૈસા ક્યાંથી હોય? તેઓ બંને દીકરા રમણિકને મોટો થતો જોઈ નહીં શકે એ નક્કી હતું. રવજીભાઈએ પોતાની આ મૂંઝવણ પત્રમાં ઠેરી પ્રમુખસ્વામી મહારાજને પત્ર મોકલ્યો. પત્ર વાંચતા જ તેમની પરિસ્થિતિથી વાકેફ સાચા સ્વજનસમા સ્વામીશ્રીનું હૃદય ભરાઈ આવ્યું. તેમણે તેઓની તમામ વ્યવસ્થા કરાવી તેમનો ઉપચાર કરાવ્યો. થોડા સમયમાં તબિયત સારી થવા લાગી.

**સંબંધોનું એક કડવું સત્ય એ છે કે જીવનનૈયા સુખના પ્રદેશમાંથી પસાર થતી હોય ત્યારે તો સૌનો સાથ અવશ્ય મળી રહે, પણ દુઃખના દિવસોમાં સંગાથ આપે એ જ સાચો સંબંધ કહી શકાય**

તે સમયમાં તેઓના પરિવારજન ત્યાં આવ્યા અને કહ્યું, 'તમે અમારી સાથે સુરત ચાલો, ત્યાં અમારી સાથે રહેજો અને થોડું કામકાજ કરજો!' સંબંધીઓનો સ્નેહ જોઈ તેઓ સુરત ગયા, પરંતુ થોડા દિવસમાં એક વરસાદી રાત્રે તેમના ભાઈએ તેઓને પોતાના પરિવાર સાથે પહેરેલાં લૂગડે ધક્કા મારી ઘરની બહાર કાઢી મૂક્યા. સામાન, કપડાં કે પૈસા પણ ન લેવા દીધા. રખડતા, રઝળતા, આશરો શોધતા કીમ પહોંચ્યા. મજૂરી સિવાય કોઈ વિકલ્પ ન હતો. થોડા પૈસા ભેગા થતા રમકડાંની નાની લારી કાઢી. તે સમયે કોઈ હરિભક્ત દ્વારા આ વાતની જાણ થતાં જ સાચા સ્વજન પ્રમુખસ્વામી મહારાજ સીધા જ રવજીભાઈની લારીએ પધાર્યા. કોઈ વ્યવસ્થા ન હોવા છતાં સ્વામીશ્રી સ્વયં તેઓની લારી પર બેસી ગયા! ચિંતા કરતાં પૂછ્યું, 'રવજીભાઈ, આનાથી ગુજરાન ચાલી જાય છે?' રવજીભાઈનો ઉત્તર આંખમાંથી વહેતાં આંસુ સ્વરૂપે મળ્યો. સ્વામીશ્રી કહે, 'મોટી દુકાન ખોલો' એ માટે પણ પ્રમુખસ્વામીજીએ સહાય કરી.

જે યુગમાં સ્વાર્થ સોળે કળાએ ખીલ્યો હોય, જે સમયમાં સગાઓ પણ અજનબીના લિબાસ પહેરીને ફરતા હોય જ્યારે વ્યક્તિગત લાભ અને મહાત્ત્વાકાંક્ષાના કારણે રક્ષક પણ ભક્ષક બની જતા હોય, એવા યુગમાં પ્રમુખસ્વામી મહારાજ સુખમાં સંગાથ અને દુ:ખમાં હાથ આપવાનું ક્યારેય ભૂલ્યા નથી. એમનામાંથી પ્રેરિત થઈ ચાલો આપણે આપણા સંબંધીઓના સુખદુ:ખના સંગાથી બનીએ.

sanskar@sandesh.com

# તર્ક કે શ્રદ્ધા?

**+વાઈબ્સ**

**ડો. જ્ઞાનવત્સલ સ્વામી**

આ જે માણસે વિજ્ઞાન અને તર્કના ઉપયોગથી અનેકવિધ સફળતા મેળવી છે. વિજ્ઞાન અને તર્કના બળે કેવળ એક રેતીના કણમાંથી બનેલી સિલિકોન ચિપ્સમાં ઢગલાબંધ માહિતી સંગ્રહિત કરી તેનો વિસ્તૃત ઉપયોગ શક્ય બનાવ્યો, પરંતુ જીવનમાં તર્ક કરતાંય વધુ જરૂરી એક તત્ત્વ છે - શ્રદ્ધા. જોકે પ્રશ્ન એ ઊભો થાય કે જે વસ્તુ-વાતને તર્કથી પુરવાર કરી ન શકાય તેને કેવી રીતે સ્વીકારી લેવી? શું સફળતાપૂર્વક જીવન જીવવા માટે વિજ્ઞાન-તર્ક પૂરતાં નથી? આ વિજ્ઞાનયુગમાં ખરેખર શ્રદ્ધાની પણ જરૂર છે?

હા! કારણ કે, જીવનનું ગણિત તર્કથી પર છે. જેમ ચેસમાં ૮ પ્યાદા, હાથી, ઘોડા, ઊંટ સહિત પંદરે પંદર હાજર હોય, પણ જો રાજા ઊપડી જાય તો? અહીં ૧ એ ૧૫ કરતાં વધી જાય છે. ચેસનું ગણિત આપણાં સામાન્ય ગણિત કરતાં જુદું છે, તેમ જીવનનું ગણિત પણ જુદું છે.

તમે કાર લઈને જતા હો અને ટ્રાફિકની લીલી લાઈટમાંથી પસાર થાવ કે તરત જ લાલ લાઈટ થાય ત્યારે તમને ઊભા રહેવામાંથી બચી ગયાનો કેવો આનંદ થાય! પરંતુ જો રોબોટ ગાડી ચલાવે, તો શું તેને એવો આનંદ થશે? મશીન આપણને વિજ્ઞાન અને તર્ક બધું આપી શકે પણ મૂલ્યો અને આનંદ આપી શકતાં નથી. વિજ્ઞાન આપણા આનંદમાં ભાગીદાર થઈ શકતું નથી. સુખ જેવું દેખાય પણ ખરો આનંદ મળતો નથી.

માણસ તર્ક-કુતર્ક કે શંકા-કુશંકાથી નથી જીવતો, તે શ્રદ્ધાના સરવાળે જીવે છે. બસ, ગાડી, ટ્રેન કે પ્લેનમાં બેસવાથી યોગ્ય સ્થળે પહોંચાશે અને કોઈ પ્રકારનો અકસ્માત નહીં થાય એની પાછળ કોઈ તર્ક અથવા વૈજ્ઞાનિક પુરાવો છે કે શ્રદ્ધા?

કોઈ પણ વ્યંજન આરોગતી વખતે તેમાં ઝેર નથી, એવું પ્રયોગશાળામાં તપાસ કરીને જમીએ છીએ કે શ્રદ્ધાથી?

શું પ્રત્યેક પળે હવામાં ઝેરી વાયુ નથી એવું પુરવાર થયા પછી જ શ્વાસ લઈએ છીએ? કેવળ તર્ક કે વૈજ્ઞાનિક પુરાવાના આધારે જીવન જીવવા જઈએ તો એક સેકન્ડ પણ જીવી ન શકાય.

તર્ક વડે થતી પ્રગતિ શ્રદ્ધા વગર અશક્ય છે: જો પાંચ-પંદર પ્રયોગોમાં નિષ્ફળતા મળ્યા પછી તર્કને આધારે વૈજ્ઞાનિકોએ શોધકાર્ય બંધ કર્યું હોત તો હજારો પ્રયોગોમાં નિષ્ફળતા મળ્યા પછી થયેલી નાનીમોટી શોધો થઈ હોત ખરી? નિરાશા કે નિષ્ફળતાની પરિસ્થિતિમાં શ્રદ્ધા જ વ્યક્તિને પોતાના કાર્ય-પથ ઉપર સ્થિરતા આપે છે.

સને ૧૯૮૫માં ભગવાન સ્વામિનારાયણના આધ્યાત્મિક અનુગામી ગુણાતીતાનંદ સ્વામી જન્મદ્વિશતાબ્દી મહોત્સવ ધામધૂમથી અમદાવાદમાં ઊજવવાનો નિર્ણય લેવાયો હતો. તે સમયે વરસાદની ખૂબ અછત હતી. પ્રમુખસ્વામી મહારાજે સામાજિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખી મહોત્સવ ૪ દિવસનો કરવાનો નિર્ણય આપ્યો, પરંતુ તેઓ બોલ્યા કે, 'ભલે પરિસ્થિતિ પ્રમાણે આપણે નિર્ણય લીધો પણ મને મારી પ્રાર્થનામાં પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસ છે. વરસાદ માટે હું રોજ પૂજામાં અચૂક પ્રાર્થના કરું છું.' થોડા દિવસમાં તા.૪/૧૦/૮૫ના રોજ સખત વરસાદ પડ્યો. સમગ્ર ગુજરાત લીલુંછમ થયું. ૫૯ દિવસનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. શ્રદ્ધાનું બળ જ વિઘ્નોમાંથી આપણને પાર ઉતારે છે.

પ્રમુખસ્વામી મહારાજના સંગે આજે દેશપરદેશમાં નાનાં બાળકોથી લઈ કિશોરો, યુવાનો અને વડીલ સૌ કોઈનાં જીવનમાં શ્રદ્ધા દૃઢ થઈ છે. તેઓ સરળ ઉપદેશ આપતાં કહે છે કે, 'જીવનમાં શ્રદ્ધા અને ભક્તિ દૃઢ કરો.' આદિવાસી વિસ્તારમાં જીવતા પછાત લોકો પણ આજે સ્વામીશ્રીએ જગાવેલી શ્રદ્ધાનાં તેજ ઝળહળી રહ્યાં છે. કેટલાંય હારેલાં-થાકેલાં લોકો બેઠા થયા છે. શ્રદ્ધાથી છલકતા આવા લોકો નિરંતર પૂર્ણકામપણાની અનુભૂતિ કરે છે. તો એવા મહાન સંત પ્રમુખસ્વામી મહારાજના વચને અને સંગે આપણે પણ આપણા જીવનમાં અનિવાર્ય એવી શ્રદ્ધાને દૃઢ કરીએ, કારણ કે Power of faith has the power to change your perception.

> **શું પ્રત્યેક પળે હવામાં ઝેરી વાયુ નથી એવું પુરવાર થયા પછી જ શ્વાસ લઈએ છીએ? કેવળ તર્ક કે વૈજ્ઞાનિક પુરાવાના આધારે જીવન જીવવા જઈએ તો એક સેકન્ડ પણ જીવી ન શકાય**

sanskar@sandesh.com

# પરિવારમાં સુખ-શાંતિ જોઈએ છે?

**+વાઈબ્સ**

**ડો. જ્ઞાનવત્સલ સ્વામી**

અમદાવાદનો એક સામાન્ય પરિવાર. પતિ-પત્ની, એક દીકરો અને બે દીકરીઓ. આર્થિક વ્યવહાર સાવ નબળો. બે દીકરીઓ પિતા સાથે એક વાર મેળામાં ગઈ. કિચેઈનની દુકાન પાસે બંને બહેનો અટકી. ૧૫૦ રૂપિયાનું કિચેઈન નામ લખાવીને લેવાની ઈચ્છા થઈ. બાપુજીએ કહ્યું, 'તમારો ભાઈ બીમાર છે. હૉસ્પિટલમાં છે. આપણી સ્થિતિ સામાન્ય છે. અત્યારે આ ખર્ચો પોસાય નહીં.' બંને બહેનો ઘરે આવી. પિતા દવાખાને દીકરાની ખબર જોવા ગયા. બંને બહેનોએ સૂટકેસમાં કપડાં ભરી ઘર છોડ્યું. એક ચિઠ્ઠી લખતા ગયા કે, 'અમારી ઈચ્છા પ્રમાણે કિચેઈન ખરીદવાનો પણ અધિકાર નહીં?'

એક પરિવારમાં દીકરાએ સાઈકલ લાવી આપવાની જીદ કરી. પિતાનો પગાર ટાંચો. દીકરાને સમજાવવા પ્રયત્ન કર્યો પણ વ્યર્થ. સૌની ગેરહાજરીમાં દીકરાએ શરીર ઉપર કેરોસીન છાંટી આપઘાતનો પ્રયત્ન કર્યો.

નેપાળના રાજકુમાર દીપેન્દ્રે મનપસંદ કન્યા સાથે લગ્ન કરવાની હઠ લીધી. રાજમાતાની નામંજૂરીના કારણે દીપેન્દ્રને મનમાં રોષ ભરાયો. અને નજીક ઊભેલા સિક્યોરિટી ગાર્ડની સબમશીનગન લઈ માતા-પિતા, ભાઈઓ સહિત આઠની હત્યા કરી. પોતે પણ લમણામાં ગોળી મારી અને છેલ્લો શ્વાસ લીધો.

ઉપરોક્ત પ્રસંગોમાં પ્રશ્નોનું કારણ સામાન્ય છે, પણ પરિણામ અસામાન્ય.

આવી જ કાંઈક નાની-મોટી ઘટના આપણા જીવનમાં પણ બની હશે. પણ, જરા અટકીએ, વિચારીએ. જીવનની આવી સંવેદનશીલ પળોમાં લીધેલા આવા ઘાતક નિર્ણયોથી આપણે પ્રશ્નને ઉકેલતા નથી, પરંતુ ઉશ્કેરીએ છીએ. જરૂર છે એક સ્થિર ઉપાયની અને એ છે 'સહનશીલતા.' જેની આજે અછત ઊભી થઈ છે.

અમદાવાદની ફૅમિલી કોર્ટના પૂર્વ ન્યાયાધીશ શ્રી બી.ડી. સોની સ્વયંનો ૨૫ વર્ષનો અનુભવ જણાવતાં કહે છે કે, 'પરિવારમાં ઊભી થયેલી તિરાડો અને પરિવારોના વિખૂટા પડવાનું કારણ છે સહનશક્તિ અને સમજશક્તિનો અભાવ.'

વ્યક્તિના પોતાના શારીરિક, આર્થિક, પારિવારિક કે સામાજિક પ્રશ્નોમાં તેણે કેળવેલી સહનશક્તિથી તેના સંસ્કાર અને સજ્જનતાની કિંમત અંકાય છે. સામાન્ય રીતે માણસો સહન તો કરે છે પણ તે ગરજ, લાચારી કે મજબૂરીથી, પરંતુ મહાન પુરુષો એક ચોક્કસ સમજણ સાથે સહન કરતા હોય છે.

એક વાર વિવેકાનંદ સ્વામી ગુરુ રામકૃષ્ણ પરમહંસ સાથે બેઠા હતા. એક ભાઈ આવ્યા ને કહે, 'મારા જીવનમાં ખૂબ દુઃખ છે. ઘડીએ-ઘડીએ આનંદ છીનવાઈ જાય છે, આનંદ કેવી રીતે આવે?' પ્રત્યુત્તરમાં પરમહંસજી બોલ્યા, 'મને બીજું કાંઈ આવડતું નથી. કેવળ કક્કો આવડે છે. કક્કામાં એક અક્ષર ત્રણ વાર આવે છે. 'સ' ત્રણ પ્રકારના છે, જે આનંદમાં રહેવાનો રાજમાર્ગ શીખવે છે. સહન કરો, સહન કરો, સહન કરો. આ જ સુખશાંતિનો ઉપાય છે.'

બોક્સિંગની રમતના જાણકારો કહે છે કે, 'આ રમતમાં તમારા મુક્કામાં કેટલું જોર છે તે કરતાં તમે કેટલા મુક્કા સતત સહન કરીને રમતમાં ઝઝૂમો છો તે વધારે અગત્યનું છે.' તેવી રીતે મુશ્કેલીઓ-મુસીબતોના મુક્કા સામે સમજણ સાથેની સહનશીલતા જ આપણને લડતા-ઝઝૂમતા શીખવે છે, જે મહાન સંતોના જીવનમાં જોવા મળે છે.

પોતાના જીવનનાં ૯૧ વર્ષ જેમણે ટાઢ-તડકો, ભૂખ-તરસ, સગવડ-અગવડના વિચાર વિના સમાજના નૈતિક અને આધ્યાત્મિક ઉત્કર્ષ માટે અવિરત વિચરણ પાછળ ગાળ્યાં, તેવા પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજને એક વાર ખભો સખત દુખતો હતો. સંતોએ પૂછ્યું કે, 'આ સહન કઈ રીતે થાય છે?' ત્યારે તેઓની શિરમોડ સહનશીલતા પાછળની ઊંચી સમજણનો સૌને પરિચય થયો. તેઓએ જણાવ્યું કે, 'રડવાથી દુઃખ ઓછું ન થાય. બીજાને કહેતા ફરીએ એમાં બમણું થાય. પોતાને તો દુઃખ હોય પણ સાંભળનારને પણ દુઃખ થાય. માટે શાંતિથી સહન કરવું. બોલ બોલ કરવાથી દુઃખ વધે. અવસ્થા થઈ એટલે આવું રહેવાનું જ. ભગવાનની ઈચ્છા સમજીને રાજી રહેવાનું. આ સમજણ રાખીએ તો વાંધો આવે નહીં.'

સમજણ સાથે સહન કરવું તે આધ્યાત્મિક ગુણ છે અને એટલે જ તે 'શિરમોડ સહનશીલતા' કહેવાય છે.

**વ્યક્તિના પોતાના શારીરિક, આર્થિક, પારિવારિક કે સામાજિક પ્રશ્નોમાં તેણે કેળવેલી સહનશક્તિથી તેના સંસ્કાર અને સજ્જનતાની કિંમત અંકાય છે**

sanskar@sandesh.com

# ભગવાનની એક અનોખી ભેટ

**'વસુધૈવ કુટુમ્બકમ્' આપણી સનાતન ભારતીય સંસ્કૃતિનો પર્યાય છે**

**+વાઈબ્સ**

**ડો. જ્ઞાનવત્સલ સ્વામી**

ભગવાને મનુષ્યને આપેલી એક અદ્ભુત અનોખી ભેટ છે સંવેદના. એ બીજી અનેક લાગણીઓનું જન્મસ્થાન છે. માણસનો પરિચય પણ તેની સંવેદનાઓને આધારે જ ચિતરાતો હોય છે.

આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ.એ.પી.જે. કલામ સાહેબ કહેતા, 'I'am not a 'Handsome' guy, but I can give my 'hand' to 'some' one who needs help.' અન્યના હિતનું સાતત્ય એ હકીકતે તો 'સંતત્વ'નો જ પરિચય છે. પરોપકાર એ સંત-હૃદયનો સહજ ધબકાર છે. અને તેમાંય કોઈ પણ અપેક્ષા વિનાનો પરોપકાર તે 'સંતત્વ'ની શ્રેષ્ઠ ઊંચાઈની ઓળખ આપે છે.

રામચરિતમાનસના ઉત્તરકાંડમાં ગોસ્વામી તુલસીદાસજી લખે છે. 'परहित सरिस धर्म नहीं भाई' - 'અન્યનું હિત કરવાથી મોટું કોઈ કર્તવ્ય નથી.'

ભારતીય સંતપરંપરામાં આ સિદ્ધાંતો મૂર્તિમાન જોવા મળે છે.

ગુરુ નાનક જ્યારે કિશોરવયના હતા, ત્યારે એક વાર કેટલાક સાધુ-મહાત્માઓને ભૂખ્યા જોયા. તેઓનું હૃદય ભાવાર્દ્ર થઈ ગયું. તેમણે એક વરિષ્ઠ સાધુને કહ્યું, 'મારી પાસે પૈસા છે તે તમને આપું છું. તમે ભોજનની વ્યવસ્થા કરી લેજો.' તે વરિષ્ઠ સંતે પૂછ્યું કે, 'બેટા ! આ પૈસા ક્યાંથી લાવ્યો?' ગુરુ નાનકે કહ્યું, 'પિતાજીએ મોટા શહેરમાં જઈ વેપાર કરવા માટે આપ્યા છે.' તે સાધુએ કહ્યું, 'તો પછી વેપાર માટે જ વાપરને અમને કેમ આપે છે?' ત્યારે ગુરુ નાનક સહસા બોલી ઊઠ્યા કે, 'હું પિતાની આજ્ઞા મુજબ જ કરી રહ્યો છું. આપ જેવા સાધુઓને જમાડવા કરતાં વધુ સારો વેપાર કયો?' આપણી મહાન સંતપરંપરાએ તો આપણને કેવળ મનુષ્યોની જ નહીં, પરંતુ મૂક-અબોલ પશુ- પંખીની પણ ચિંતા કરવાનું શીખવ્યું છે. સૌનું હિત કરવાની આ ઊંડી સંવેદના એ 'વસુધૈવ કુટુમ્બકમ્' આપણી સનાતન ભારતીય સંસ્કૃતિનો પર્યાય છે.

ઈ.સ. ૧૯૮૭ના વર્ષમાં ગુજરાત કારમા દુષ્કાળની ભીંસમાં આવી ગયેલું. 'મેઘરાજાની રીસ અને ઠેર-ઠેર પાણી માટે ચીસ.' સમગ્ર ગુજરાતનું તે સમયનું આ રેખાચિત્ર હતું. પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજે આ અરસામાં ગુજરાતનું પશુધન બચાવવા કેટલકેમ્પો શરૂ કરાવેલા. સાથે સાથે અન્ય પાંજરાપોળો તથા ગૌશાળામાં પણ બનતી મદદ કરવી શરૂ કરી હતી. 'પશુ કલ્યાણ કેન્દ્ર'ના નામથી આયોજનબદ્ધ રીતે શરૂ કરવામાં આવેલા આ કેટલ કેમ્પોના સેવાકાર્યને સરકારશ્રીએ પણ ખૂબ નોંધનીય અને ઉલ્લેખનીય બતાવેલું. સાથેસાથે આ રાહતકાર્યમાં પ્રમુખસ્વામી મહારાજે કોઈ પણ નાત-જાત કે ધર્મની ભેદરેખા રાખી નહોતી. જેની નોંધ આજે પણ એ ખેડૂતોના માનસપટ ઉપર શિલાલેખસમાન કોતરાયેલી છે.

દુષ્કાળના એ દિવસો દરમ્યાન પ્રમુખસ્વામી મહારાજ તીર્થધામ સારંગપુર ખાતે રોકાયા હતા. પોતાના નિત્યક્રમ મુજબ તેઓ રોજ સાંજે મંદિરની ચીકુંવાડીમાં ભ્રમણ માટે પધારતા. એક વાર તેઓએ ભ્રમણ દરમ્યાન અચાનક ચીકુંવાડીની દેખરેખ રાખનાર સંતને બોલાવ્યા. દેખરેખ અંગેની કોઈ ભૂલ માટે અથવા કોઈ વિશેષ સૂચનનું અનુમાન કરીને તે જવાબદાર સંત હાથ જોડીને હાજર થયા.

પ્રમુખસ્વામી મહારાજે પૂછ્યું, 'આ વર્ષે ચીકું ખૂબ આવ્યાં છે. આ ચીકુંનું શું કરો છો?'

વાડી સંભાળનાર સંતે કહ્યું, 'ઠાકોરજીના થાળ માટે તથા સંતો-ભક્તો માટે જરૂરિયાત પૂરતાં રાખીને બીજાં બજારમાં મોકલી આપીશું.' દુષ્કાળની ભીષણ પરિસ્થિતિમાં મૂક-અબોલ અને નિર્દોષ પંખીઓ પ્રત્યેની સંવેદના સાથે પ્રમુખસ્વામી મહારાજે તે સંતને કહ્યું, 'સાંભળો! બધાં ચીકું ઉતારી લેવાનાં નહીં. દુષ્કાળનું વર્ષ છે. પાણીના અભાવે ખેડૂતોએ વાવેતર કર્યું ન હોય તેથી બિચારા પક્ષીઓ ખાવા ક્યાં જાય? પક્ષીઓ માટે ચીકું અનામત રાખવાં. ઉતારવા નહીં. અને પાણી ભરેલાં કુંડાં પણ રાખવાં જેથી પક્ષીઓને પાણી પણ મળી રહે.'

આપણાં શાસ્ત્રોમાં સમાયેલી આ વિરલ અને વિશિષ્ટ સંવેદનાઓ આપણા મહાન સંતોના જીવનમાં અક્ષરશઃ ચરિતાર્થ છે. તેઓની જીવનશૈલી છે. આવો, પ્રમુખસ્વામીના પગલે લોકહિતની આવી ભાવના-સંવેદનાને આપણા જીવનમાં સાકાર કરીએ.

# ઘસાઈને ઉજળા થવું

+વાઈબ્સ
ડો. જ્ઞાનવત્સલ સ્વામી

૧૯૪૭ પછીના આઝાદ ભારતનો એક વાંચવા-સાંભળવા-જીવનમાં ઉતારવા જેવો પ્રસંગ છે. એ વખતે ભારતના 'લોહપુરુષ' અને નવા નિમાયેલા ઉપપ્રધાનમંત્રી શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ ગુજરાતના પ્રવાસે હતા. તેઓના સચિવ શંકરભાઈ હંમેશાં તેઓની સાથે જ રહેતા. તેઓનો કાર્યક્રમ ગોઠવતા, તેઓની સગવડ-સવલતોનો ખ્યાલ રાખતા. સરદારની પ્રકૃતિ મુજબ, તેઓની રહેવા-જમવાની વ્યવસ્થા બિલકુલ સાદગીપૂર્વકની અને જરૂરિયાત અનુસાર જ રહેતી. ફરતાં-ફરતાં એક ગામમાં સરદારને ખ્યાલ આવ્યો કે રાત્રે તેઓ માટે મચ્છરદાનીની વ્યવસ્થા કરનારા શંકરભાઈ પોતે તો મચ્છરની હેરાનગતિથી આખી રાત સૂઈ જ નથી શકતા. તરત જ સરદારે પોતાની મચ્છરદાની શંકરભાઈ માટે ગોઠવી દીધી અને પોતે સામાન્ય ચાદર ઓઢીને સૂઈ ગયા!

સામાન્ય લાગતી આ ક્રિયા મોટો તફાવત સર્જી દે છે. તેઓ જીવન જીવે છે, પરંતુ બીજા માટે. બીજા માટે ઘસાઈ છૂટવામાં સહન કરવાનું થાય તોય તેઓ પાછા નથી પડતા. આપણે તેઓની જેમ કદાચ બધા માટે ભલે ન ઘસાઈ શકીએ, પણ આપણાં જ સ્વજનો માટે આપણે ઘસાઈએ - પતિ-પત્ની એકમેક માટે, સાસુ-વહુ એકબીજા માટે, બે ભાઈઓ પરસ્પર, દીકરા-દીકરીઓ મા-બાપ માટે, ઘરના દરેક સભ્યો જો એકમેક માટે ઘસાય તો પરિવારમાં એકબીજા પ્રત્યે કેવો આદર, કેવો સ્નેહ, કેવી અદ્ભુત લાગણી સર્જાય!

જેમ અકીકના ખરબચડા પથ્થરને લીસા કરવા માટે એક રેતી ભરેલા માટલામાં નાખી તેને હલાવવામાં આવે છે. પરસ્પર ઘસાઈ-ટકરાઈને તે ખરબચડા પથ્થરો ચમકદાર અને મૂલ્યવાન બને છે. તેવી રીતે આપણે પણ પરિવારમાં, સમાજમાં એકબીજા માટે ઘસાઈએ તો 'માણસાઈ'ની ચમકથી ઉજળા થઈ જઈએ.

૧૯૮૦ના દાયકામાં પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજ આણંદ પધારેલા. તેઓના વર્ષોના નિત્યક્રમ મુજબ તેઓ ઘરોઘર પધરામણીમાં પરોવાયા. લગભગ બપોરના ૨:૩૦ વાગ્યા સુધી પધરામણીઓ ચાલી. તે સમયે સ્વામીજી ડાહ્યાભાઈ ગજ્જરના ઘરે ભોજન લેવા પધાર્યા. એ વખતે આસન અને ભોજન બંને તૈયાર હતાં. એ દરમ્યાન એક હરિભક્ત હાંફળા-ફાંફળા થતાં આવ્યા અને કહ્યું, 'સ્વામી! તમે મારા ઘરે પધરામણી કરી આવ્યા, પણ હું તો ત્યાં હાજર નહોતો. માટે ફરી પધારવા વિનંતી.' આ સાંભળી સેવકોએ કહ્યું: 'સ્વામીશ્રીએ તમારી ઘરે જઈને ઘરના એક-એક ઓરડામાં પગલાં કરીને ફૂલ છાંટેલાં છે. ઉપર છેક અગાશી સુધી સ્વામીશ્રીએ પગલાં કર્યાં છે.'

આ વાત સાંભળીને હરિભક્ત કંઈ બોલી શક્યા નહીં, પરંતુ તેમના ચહેરા પર, 'હું હાજર નહોતો.' એનું દુ:ખ મંડરાઈ રહેલું. તરત જ પ્રમુખસ્વામી મહારાજે ભોજન માટે માંડેલું પત્તર બાજુમાં ખસેડી દીધું અને સંતોને કહ્યું: 'ચાલો, આપણે જઈ આવીએ.' પળનાય વિલંબ વિના સ્વામીશ્રી હસતે મોંએ ભોજન ઠેલી એ હરિભક્તના ઘરે ગયા. ફરીથી બધા જ ઓરડાઓમાં પગલાં કર્યાં, છેક અગાશી સુધી પુષ્પો છાંટ્યાં! તે હરિભક્તને આનંદવિભોર થઈ વિચારવા લાગ્યા કે 'બપોરે અઢી વાગ્યે પોતાનું જમવાનું ઠેલીને મારા ઘરે ફરીથી પધરામણીએ આવે એવા ગુરુ ક્યાં મળે!'

વ્યક્તિ જ્યારે દેહભાવ અને સ્વાર્થથી ઉપર ઊઠે ત્યારે જ બીજા માટે ઘસાઈ છૂટવાની આવી ભાવના ઉત્પન્ન થાય છે; અને આ જ પ્રમુખસ્વામી મહારાજની જીવનશૈલી હતી. તેઓ દાયકાઓ સુધી આ રીતે જ ગામોગામ, ઘરોઘર વિચરી લોકોને પ્રેરણા અને સંતુષ્ટિ આપતા રહ્યા.

**પરસ્પર ઘસાઈ અકીકના ખરબચડા પથ્થરો ચમકદાર અને મૂલ્યવાન બને છે. તેવી રીતે આપણે પણ પરિવારમાં એકબીજા માટે ઘસાઈએ તો 'માણસાઈ'ની ચમકથી ઉજળા થઈ જઈએ**

આપણે પણ મહાપુરુષોના પગલે-પગલે ચાલીને આપણા પરિવારજનો માટે, આપણા સહચારીઓ માટે, જરૂર પડે ત્યાં મિત્રો માટે, સમાજ માટે, દેશ માટે; થોડું તો થોડું પણ ઘસાઈને 'અકીક'ના પથ્થરની જેમ ચમકદાર તો થઈ જ શકીએને! જ્યાં સુધી ફૂલનું અસ્તિત્વ રહે ત્યાં સુધી તે વિશ્વને સુવાસ જ આપે છે, એમ આપણે પણ જ્યાં સુધી જીવીએ, ત્યાં સુધી બીજા માટે ઘસાઈને આપણે પણ સુવાસિત થઈએ, સૌને પણ સુવાસિત કરીએ.

sanskar@sandesh.com

# નિતાંત નમ્રતા

+વાઈબ્સ

ડો. જ્ઞાનવત્સલ સ્વામી

**મહાન પુરુષોની મહાનતા એ તેઓની 'નમ્રતા'નો જ પર્યાય છે. બુદ્ધિબળથી પ્રાપ્ત થતી મોટપના ભભકાથી અન્યને ભારોભાર આંજી દેવાનું તેઓને પસંદ નથી**

અંગ્રેજીમાં કહેવાયું છે – 'It's nice to be Important, but it's more important to be Nice.' અર્થાત્ 'મહત્ત્વના બનવું સારું છે, પરંતુ સારા બનવું એ વધારે મહત્ત્વનું છે.'

મહત્ત્વના બનવું, માનવંતા બનવું એ માણસની સહજ સ્વાભાવિક માનસિકતા છે. અચરજ પમાડે તેવા વેશ-કેશ કે અભિભૂત કરી દે તેવાં કળા, કૌશલ્યથી અન્યના નોંધપાત્ર થવું તે માણસમાત્રને ગમે છે. તેમાં એક મજા છે. વાસ્તવમાં આ મજા, આ આનંદ અવધિમાં ટૂંકો અને પ્રમાણમાં ટાંચો છે, જે આવતાની સાથે જ જવાની ઘડીઓ ગણે છે.

એક ચિંતકે લખ્યું છે કે, 'The Greatest Happiness on this earth is Conviction that we are Loved.' અર્થાત્ 'આ પૃથ્વી પરનો શ્રેષ્ઠ આનંદ એ છે કે અન્યના હૃદયમાં આપણા માટે સાચા અર્થમાં પ્રેમ હોય અને તેની આપણને ખાતરી હોય.'

આપણી ગેરહાજરીમાં આપણને કોઈ પણ સ્વાર્થ કે અપેક્ષા વિના યાદ કરે, આપણી ઉપસ્થિતિની ઝંખના કરે અને વિશેષ તો આપણા પ્રત્યેક પ્રસ્તાવને બહુધા સકારાત્મક પ્રતિભાવ સાંપડે ત્યારે સમજવું કે ખરા અર્થમાં અન્યનો પ્રેમ સંપાદિત કરી શકાયો છે. જેના આનંદની અવધિ આંકી શકાતી નથી.

અન્યના અને ખાસ કરીને તો સમાજના જે માનવવર્તુળ વચ્ચે આપણે વધુ રહેતા હોઈએ તેઓના હૃદયમાં આપણા માટે જન્મેલો એક શાશ્વત અને સીમારહિત પ્રેમ અને આદર એ ચારિત્ર્યયુક્ત સદ્ગુણી જીવનની અપેક્ષા રાખે છે.

સદ્ગુણોમાં શિરમોર છે 'નમ્રતા.' મહાભારતના શાંતિપર્વમાં પરાશર ઋષિ જનક રાજાને કહે છે, 'प्रज्ञानामात्मबद्धाः सम्बद्धानाममानिनः।' અર્થાત્ 'બુદ્ધિમાનોમાં આત્મજ્ઞાની શ્રેષ્ઠ છે અને તેમાં પણ અહંકારરહિત છે, તેને સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે.'

મહાન પુરુષોની મહાનતા એ તેઓની 'નમ્રતા'નો જ પર્યાય છે. બુદ્ધિબળથી પ્રાપ્ત થતી મોટપના ભભકાથી અન્યને ભારોભાર આંજી દેવાનું તેઓને પસંદ નથી. તેઓની નમ્રતાનું આંજણ આપોઆપ લોકનજરે અંજાઈ છે. અને એટલે જ તેઓ લોકહૃદયે અંકાય છે. આ જ તેઓની ખરેખરી મોટપ છે, મહાનતા છે.

કબીરજી પણ લખે છે, 'ऊँचा ऊँचा सब कोई चाले, नीचा न चाले कोई, नीचा नीचा जो कोई चाले, तो सबसे ऊँचा होई।'

નમ્રતાની જુદી-જુદી અનેક કક્ષાઓ છે. જેની પ્રસંગોપાત પરખ થાય છે. જ્યારે વાંક વિનાના આક્ષેપો સામે, શબ્દોની ઝપાઝપી વડે સાચા-ખોટાના વાદ-વિવાદમાં ન પડતા નમ્રતાથી ભૂલ પોતાના માથે લઈને માફી માંગી લેવાય તે નમ્રતાની સૌથી ઊંચી કક્ષા છે. જેને 'નિતાંત નમ્રતા' કહે છે. જે ઊંડી અને અમીટ છાપ છોડી જાય છે.

સન 1987માં પ્રમુખસ્વામી મહારાજ 450 સંતો-ભક્તોના સંઘ સાથે ઉત્તરાખંડની યાત્રાએ નીકળ્યા હતા. બે મહિના પૂર્વેથી આ યાત્રાનું આયોજન ગોઠવાઈ ગયેલું. યાત્રા પૂર્ણ થયા બાદ મૂળ ભારતના અને લંડનના રોમફર્ડ વિસ્તારમાં રહેલા એક ભાઈએ પોતાનો આક્રોશ ઠાલવતા એક પત્રમાં પ્રમુખસ્વામી મહારાજને લખેલું કે, 'તમારે આટલા કાફલા સાથે યાત્રાએ ન નીકળવું જોઈએ. તમારી તારીખે-તારીખ અમારા પરિવારની યાત્રા ચાલતી હતી. તમારે લીધે અમને બધી જગ્યાએ રહેવા વગેરેમાં અગવડ પડી. અમારા કુટુંબને તમે દુ:ખી દુ:ખી કરી નાંખ્યું.'

પોતાના દરેક કાર્યમાં હંમેશાં આયોજનને અગ્રતાક્રમ આપી આગળ વધનારા સ્વામીશ્રીનો આ બાબતે કોઈ દોષ ન હતો. છતાં તેઓની નિતાંત નમ્રતાભરી કલમે પ્રત્યુત્તર વાળ્યો કે, 'તમને તકલીફ પડી એ બદલ માફ કરશો. યાત્રા દરમ્યાન તમે અમને મળ્યા હોત તો અમે તમને મદદરૂપ થાત. તમારી સગવડ કરાવી દેત. તમને તકલીફ પડે એવો અમારો આશય નો'તો.'

પરિસ્થિતિ કે પ્રતિભાવની તીખાશ ગમે તેવો તમતમાટ ઊભો કરે એવી હોય તો પણ પ્રમુખસ્વામી મહારાજની અત્યંત ઓજસ્વી નમ્રતામાં કચવાટ ક્યારેય નથી દેખાયો.

આવો, તેઓનાં પગલે પગલે સદ્ગુણોમાં શિરસ્થ એવી 'નમ્રતા'ને આપણી જીવનશૈલીમાં મહત્ત્વ આપીએ, કારણ કે સારા બનવું તે વધારે મહત્ત્વનું છે.

sanskar@sandesh.com